Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

# THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૭ ● તા. ૦૮.૦૨.૨૦૧૧ થી ૧૪.૦૨.૨૦૧૧ ● મહા સુદ ૦૫ થી મહા સુદ ૧૧ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## પ્રાદેશિક અને વૈશ્વિક પરિબળોના દબાણ હેઠળ નિફ્ટી આંક ૫૪૦૦ નીચે

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન ભારતીય બજારોમાં વિવિધ મજબૂત પ્રાદેશિક અને વૈશ્વિક પરિબળોના દબાણથી સેન્સેક્સમાં ૩૮૭.૮૨ તેમજ નિફ્ટી આંકમાં ૧૧૬.૪નો અનુક્રમે ૨.૧૧ અને ૨.૧૧નો ઘટાડો નોધાયો હતો. જેમાં બજારોના છેલ્લા ટ્રેડીંગ સેશનમાં શુક્રવારે નિફ્ટી ફ્યુચર આંકમાં નેટ ૩ ટકાનું ગાબડું પડ્યું હતું. આ ઘટાડામાં બીએસઈનો આઈટી અને ઓટો ઈન્ડેક્ષો ૩ ટકા, એફએમસીજી ઈન્ડેક્ષ ૬.૫ ટકા, જ્યારે રિયાલિટી ઈન્ડેક્ષ ૩.૫ ટકા તુટ્યા હતા.

### શેરબજારની સમીક્ષા



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

મુખ્ય શેરોમાં સીમેન્સ ૧૬ ટકા, ડીએલએફ, હિન્દાલ્કો, તેમજ ઓએનજીસી સારા સમાચારોએ વચ્ચે ૫-૬ ટકા વધ્યા હતા. જ્યારે આઈટીસી, રિલાયન્સ કોમ્યુનિકેશન, રિલાયન્સ કેપિટલ ૯ ટકા તૂટ્યા હતા. સીએનએક્સ મિડકેપ ઈન્ડેક્ષ ૧.૭ ટકા, બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્ષ ૨.૭ ટકા ઘટ્યા હતા.

**રોકાણ માટે શેર ભલામણ**

**પીપાવાવ શીપયાર્ડ લીમીટેડ :**

**બંધ ભાવ : ૮૧.૨૫**

નવેમ્બર ૨૦૦૯માં લિસ્ટેડ થયેલી આ કંપનીના પ્રમોટર એસ. કે. એલ. આઈ. એલ. ઈન્ફ્રા છે. ઉપરાંત તેમાં આય. એલ. એફ.એસ. એક્સિસ બેંક, યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ, આઈડીબીઆઈ બેંક, આર. આઈ. કેપિટલ, પીસીસી, મોરેશિયસ, ત્રિનિતી કેપિટલ, ન્યુ યોર્ક લાઈફ ઈન્સ્યોરન્સ, એબીએન એમ્રો, એસસીબી એશિયન ઈન્ફ્રા ફંડ, ધ ઈન્ડિયન ફંડ, ધ એશિયન ઓપોર્ચ્યુનિટી ઓફશોર ફંડ, મેરિલ લિંચ, માંઝ રિટેલ, દોઉંચે બેંક વિગેરે જેવા રોકાણકારો છે.

આ કંપની તાજેતરમાં ભારતની સૌથી મોટી ઈન્ટીગ્રેટેડ શીપ બિલ્ડીંગની ફેસિલીટી ઊભી કરી રહી છે કે જે એશિયાની પણ મોટી શીપ બિલ્ડીંગ ફેસીલીટીમાં એક હશે. એપ્રિલ ૨૦૦૯માં આ કંપની દ્વારા સંપૂર્ણ રીતે કાર્યકારી બની ગઈ હતી.

આ કંપનીમાં આગામી સમયમાં ડીફેન્સ, ઓફશોર અને હેવી એન્જિનિયરિંગ ક્ષેત્રે પણ પોતાનો ધંધો વિકસાવવાની નેમ રાખે છે. તાજેતરમાં જ આ કંપનીએ સ્વીડનની સાબ ડાઈનેમિક નામની કંપની સાથે ડીફેન્સ સાધનો બનાવવા માટે કરારો કર્યા છે. આ પ્રસંગે કંપનીએ જણાવ્યું હતું કે હવે કંપની માત્ર ડીફેન્સના જ મરીન જ નહીં પરંતુ આ કરારો બાદ બધા જ સેગ્મેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરશે. વધુમાં સાબની એરોસ્પેસ ટેકનોલોજી અંગે વધુમાં ઉમેરતા જણાવ્યું હતું કે આ ટેકનોલોજી પીપાવાવને કામ આવશે.

પ્રમોટરો દ્વારા ૪૫ ટકા હિસ્સો ધરાવે છે જો કે નકારાત્મક પાસું એ છે કે તે બધો હિસ્સો પ્લેજ સ્વરૂપે મુકેલો છે. એલઆઈસી હાઉસિંગ સહિત ૩૧.૮૭ ટકા હિસ્સો અન્ય સંસ્થાગત રોકાણકારો પાસે છે.

**અંદર વાંચો : રોકાણકાર માટે અવગણવા / વેચવા જેવા શેરો. પીપાવાવ શીપયાર્ડની ભારતની ડીફેન્સ ક્ષેત્રની મોટી પ્રાઈવેટ ઈન્ટીગ્રેટેડ કંપની બનવાની નેમ**

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કંપનીનું વેચાણ ૬૨૯.૩૮ કરોડ રહ્યું હતું. કંપની આગામી વર્ષમાં નફો પોસ્ટ કરે તેવી ઘણા એનાલિસ્ટોની ગણતરી છે. લાંબાગાળાનો ટ્રેક રાખનારે તેમજ આક્રમક પ્રમોટર ગ્રુપના બળે આ કંપની લાંબાગાળાના સ્મોલકેપમાં રોકાણ કરી શકતા રોકાણકારે ખરીદી શકાય. જેમાં ૧૦૦-૨૦૦ ટકા વળતર મળી શકે છે.

**રોકાણકારોએ અવગણવા જેવા શેરો :**

**સાસ્કેન કોમ્યુનિકેશન :**

નવેમ્બરમાં ૨૦૦ના લેવલો પર ક્લિયરન્સ એક્ષિટનું સિગ્નલ મળી ગયેલ હતું. ચાલુ ભાવ ૧૫૮ ચાલી રહ્યો છે જ્યારે આ શેર ૧૩૫ સુધી ગગડી શકે છે. અને ૧૩૩ નીચે બંધ આવતા ૯૦ નીચે પણ જઈ શકે છે.

**બીજો એક જ્યલોગ સિસ્ટમ**

કે જે ૩૯૬ ચાલી રહ્યો છે તે ટૂંક સમયમાં ૩૩૫ સુધી સરકી શકે છે જ્યારે ૩૦૩ની નીચે ૨૫૦ અને વધુ નીચે જઈ શકે છે.

**પરસિસ્ટન્ટ સિસ્ટમ :**

ના શેરને લિસ્ટ થયે માત્ર એક વર્ષ થવા આવ્યું છે. ચાલુ ભાવ ૩૯૨થી આ શેર ટૂંકાગાળામાં ૩૪૫ અને ૩૩૫ નીચે સીધો ૩૦૦ નીચે ગગડી શકે છે. કદાચ ચાર્ટ પર ગેપ ભરવા માટે બાઉન્સ બેક મારે તો પણ તેનાથી તેજી નહીં માની લેવી.

**ઈન્ફો એજ ઈન્ડિયા લીમીટેડ :**

સપ્ટેમ્બરની તેજીમાં લોકોને ગળે ૧૦૦૦-૧૨૦૦ના ભાવે ભરાઈ ગયો છે. ૨૧ સપ્ટેમ્બરે ૧૨૪૩નો ઊંચો ભાવ છે. જ્યારે ૫૧૦નો નીચો ભાવ છે. આ શેર નીચે ત્રણ આંકડામાંથી બે આંકડાના ભાવમાં આવી શકે છે. હોય તો એકવાર નુકસાન કરીને પણ નીકળી જવું. વધુ અવગણવા જેવા શેરોની લિસ્ટ હવેથી બને તો દર સપ્તાહે આપતા રહીશું.

## બજારે ૨૦૦ ડી એમને મહત્વની સપાટી તોડી નાખી

ગત સપ્તાહે મીનીસ્ટર રાજાની ધરપકડ અને ફૂગાવાની વૃધ્ધિના સમાચારોના પ્રવાહને કારણે બજારમાં ભારે ચંચળતા જોવા મળી તેમ જ ગુરુવારે નિફ્ટીમાં બાસ્કેટ સેલીંગના કારણે બજારની રિકવરીનો જુસ્સો ઓગળી ગયો.

ગત સપ્તાહે અમોએ જણાવ્યા મુજબ નિફ્ટીની ૫૬૦૦ ની સપાટી મહત્વની ૨૦૦ ડીએમએની સપાટી છે તેમ જ ટેકો પણ છે તે નીચે ૫૩૫૦ નજીકનો મહત્વનો ટ્રેન્ડલાઈન ટેકો છે જ્યારે લાંબા ગાળાની કુલ માર્કેટનો આખરી ટ્રેન્ડલાઈન ટેકો ૫૦૪૦ છે. આ નીચે મંદીમય બજાર શરુ થાય, અને જો આમ બને તો નિફ્ટી ૪૭૫૦ ની સપાટી સુધી સરકી શકે. વૈશ્વિક બજારો હજુ પણ હકારાત્મક છે. ખાસ કરીને યુ એસ એ, ડાઉ, નેસડેક અને એસ એન્ડ પી એ ત્રણ વર્ષની ઉંચી સપાટી દર્શાવી છે, પરંતુ હવે તે ઓવરબોટ પરિસ્થિતિમાં જણાય છે. બજારની ગતિ માટેની હવે પછીની ચાવી બજેટ છે. નવી દિશા માટે ઉપર તરફની પ્રતિકારક સપાટી ૫૫૫૦-૫૭૫૦-૫૯૫૦ છે જ્યારે નીચે તરફનો ટેકો ૫૩૫૦-૫૦૪૦-૪૭૫૦. આ દીશામાં માર્ચ માસમાં સ્પષ્ટ બ્રેકઆઉટ જોવા મળી શકે. ફાર્મા, ટેકનોલોજી, નાણાકીય અને એફ એમ સી જી જેવા સારા સેકટરના શેર બજારમાં સારો દેખાવ કરશે.

### માર્કેટ ટ્રેન્ડ



આસુ કક્કર
મો. ૦૯૯૮૯૬ ૯૩૩૨૦
૦૯૯૮૯૯ ૨૦૯૮૭
Website : www.ashuukakkarr.com
Email ID : ashuu@ashuukakkarr.com / info@ashuukakkarr.com

**આવનાર સપ્તાહમાં ટ્રેડીંગ કરવા જેવા શેર**

**૧. એલ આઈ સી હાઉસીંગ**

અનુસંધાન પા.નં. ૨ ઉપર

## બંને તરફી મુવમેન્ટમાં લેવલથી ખરીદ - વેચાણ કરો

વાંચક મિત્રો,

નમસ્કાર,

ગયા સપ્તાહમાં ભારતીય શેર બજારમાં બે તરફી મુવમેન્ટ જોવા મળી અને સપ્તાહના અંતે મોટી વેચવાલી જોવા મળી હતી.

ગત સપ્તાહે સેન્સેક્સ ૧૮,૦૦૦ના આંક જે મનોવૈજ્ઞાનિક સ્તર ગણાય છે તેને તોડીને ૧૭૯૫૫.૪૭ સુધી નીચે ગયો હતો અને બંધ ૧૮૦૦૮ પર આવ્યું છે. જ્યારે નિફ્ટી ૫૪૦૦નો મનોવૈજ્ઞાનિક સ્તર તોડીને ૫૩૫૬ સુધી નીચે ગઈ હતી અને ૫૩૯૫.૭૫ બંધ આવી છે. સાપ્તાહિક ઘટાડો જોવા જઈએ તો નિફ્ટી આ સપ્તાહે ૧૧૬ પોઈન્ટ એટલે કે ૨.૧ ટકાની કમજોરી સાથે બંધ ૫૩૯૫.૭૫ આવી છે. જ્યારે બીએસઈ સેન્સેક્સ સપ્તાહના અંતે ૩૮૮ પોઈન્ટ ઘટીને ૨.૧ ટકાનો ઘટાડો દર્શાવીને ૧૮૦૦૮ પર બંધ આવ્યો છે.

વિવિધ સેક્ટર વાઈઝ જોવા જઈએ તો મિડકેપ ઈન્ડેક્ષ આ સપ્તાહે ૧૩૦ પોઈન્ટ એટલે કે ૧.૬૫ ટકા ઘટ્યો, સ્મોલકેપ ઈન્ડેક્ષ આ સપ્તાહે ૨૧૫ પોઈન્ટ એટલેકે ૩.૧ ટકા, હેલ્થકેર ઈન્ડેક્ષ ૧.૯ ટકા, પાવર ઈન્ડેક્ષ ૧.૮ ટકા અને બેંકિંગ ઈન્ડેક્ષ ૧.૨ ટકા ઘટ્યા હતા. કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્ષમાં ૦.૩૦ ટકાની કમજોરી જોવા મળી હતી. બીજી બાજુ મેટલ ઈન્ડેક્ષ ૦.૬૮ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષ ૦.૫૯ ટકા પોઝીટીવ રહ્યા હતા. પીએસયુ સૂચકઆંક અને કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્ષમાં મામૂલી વધારો જોવા મળ્યો હતો.

મિત્રો આપણે ગત સપ્તાહમાં જોયું કે એક દિવસ બજાર પ્લસ હોય અને ગમે તે કારણ સર આખો વધારો ધોવાઈ જાય એટલે કે અંદરખાને કોઈ ગેમ ચાલતી હોય તેવું લાગે છે. એફઆઈઆઈને હવે ભારતીય શેર બજારમાં વિશ્વાસ ઉઠી ચૂક્યો છે જેના કારણોમાં ભ્રષ્ટાચાર, મોંઘવારીનો ઊંચો દર, ગ્લોબલ માર્કેટમાં આવેલી કમજોરી તથા ઈજીપ્તનું સંકટ આ બધા કારણોમાં સૌથી વધું જો પ્રબળ કારણ હોય તો એ છે કે અમેરિકન માર્કેટ રિકવરી દેખાડી રહ્યું છે તેથી એફઆઈઆઈ પોતાનું ફંડ ભારતીય માર્કેટમાંથી થોડું થોડું કરીને નિકાળીને ત્યાં ઠાલવી રહ્યા હોય તેવું બની શકે. મોટા એનાલિસ્ટોને હવે ૨૦૦૮નું પુનરાવર્તન થાય તેવું ઘણી વાર પ્રિડીક્શન કરી રહ્યા છે. પરંતુ લોંગ ટર્મ ઈન્વેસ્ટરોએ ગભરાવવાની કોઈ જરુર નથી કારણ કે ભારતીય અર્થતંત્ર મજબૂત છે. કોર્પોરેટ પરિણામો પણ સારા આવ્યા છે. પરંતુ રોકાણકારોએ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે વિદેશીઓ ગમે ત્યારે આપણા માર્કેટને ખરાબ કરી શકે છે તેથી સાવધાની પૂર્વક માર્કેટમાં કામ કરવું જોઈએ.

### પોઈન્ટ બ્લેન્ક



શેખ આસિફ
મો. ૯૭૨૫૦૫૦૫૦૭
yooza_143@yahoo.com

ગત સપ્તાહના છેલ્લા દિવસે માર્કેટમાં ૫૦૦ પોઈન્ટનું ગાબડું પડ્યું હતું અને હવે મોટા ખેલાડીઓ શોર્ટ પોઝીશન ઊભી કરી રહ્યા છે. તેથી રોકાણકારોએ લેવલ ટુ લેવલ ખરીદી કે વેચાણની પોઝીશન બનાવવી જોઈએ. રોકાણકારોએ હાલ પુરતું રિયલ એસ્ટેટથી દૂર રહેવું હિતાવહ રહેશે.

અહીં આપેલી ભલામણોમાં લેવલ થી લેવલ બાઈંગ કરી શકાય અથવા શોર્ટ કરી શકાય.

**એનએચપીસી :**

**બંધ ૨૪.૩૦**

આ સરકાર હસ્તકની કંપની પાવર ક્ષેત્ર સાથે સંકળાયેલ છે. આવતા સપ્તાહમાં પીએસયુ ક્ષેત્ર સારું વળતર આપશે તેવી ગણતરી બતાવી રહ્યું છે.

અનુસંધાન પા.નં. ૫ ઉપર

## ખટ્ટા-મીઠા સટ્ટા



- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

શેર બજાર પાંચ મહિનાના તળિયે ઈન્ફલેશન અને આંતરરાષ્ટ્રીય બાબતોના કારણે પહોંચી ગયો છે. ફન્ડામેન્ટલ અને કોર્પોરેટ પરિણામો મજબૂત છે. હાલના કરેકશનમાં વેલ્યુબાઈંગની તક છે. આવનારા દિવસોમાં ૧૧ મી તારીખે રજૂ થનાર માસિક આઈઆઈપી ડેટા પર બજારની નજર રહેશે.

નીચે મુજબની મજબૂત ફન્ડામેન્ટલ ધરાવતી કંપનીઓમાં આ ઘટાડામાં રોકાણ કરી શકાય.

**૧. નોઈડા ટોલ**
**૨. પીરામલ હેલ્થકેર**
**3. એમ્ફાસીસ**
**૪. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ**
**૫. ટાટા સ્પોન્જ**
**૬. નોવાર્ટિસ**
**૭. ડેક્કન ક્રોનિકલ**
**૮. શિપિંગ કોર્પોરેશન**
**૯. ગોદરેજ ઈન્ડ.**
**૧૦. પાવર ટ્રેડીંગ કોર્પોરેશન**
**૧૧. હિંદ યુનિલિવર**
**૧૨. રિલાયન્સ ઈન્ડ.**
**૧૩. લાર્સન**
**૧૪. બાટા ઈન્ડિયા**

## ૦૭ ફેબ્રુઆરી થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૩૯૬)**
**સેન્સેક્ષ (૧૮૦૦૮)**
**તા. ૦૪.૨.૨૦૧૧**

અમોએ જણાવેલ કે '' ટેકનીકલી બજાર હજુ પણ નબળું છે ૫૪૦૦ થી ૫૩૦૦ ની સપાટી અવગણી શકાય તેમ નથી, તેમ જ ૫૬૨૫ની મજબુત પ્રતિકારક સપાટી પણ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી લક્ષાંક ૫૪૦૦-૫૩૬૦ રહે ત્યાં સુધી હું ઉછાળે વેચું.

બજાર અપેક્ષા મુજબ જ રહ્યું , તે તૂટયું અને ૫૩૬૯ની સપાટી પણ દર્શાવી, અને ૫૩૯૬ પર બંધ આપ્યો. નીચે તરફનો અમારો લક્ષાંક સાધ્ય થઈ ગયો.

ટેકનીકલી બજાર હજુ પણ નબળું જણાય છે અને હજુ

### બજારનો રિવ્યૂ



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// ww.prakashgaba.com

અનુસંધાન પા.નં. ૨ ઉપર

## હોટ ન્યુઝ

### શું બજાર હજુ ૩૦ ટકા તૂટશે ??!!!

*અમારા અંગત સોર્સ દ્વારા જાણવા મળેલ છે કે રીઆલીટી ક્ષેત્રના હવે ખૂબ ખરાબ સમાચાર આવનાર છે, આ સમાચાર તેમના ફન્ડામેન્ટલ, હિસાબો અને બીજા છળકપટ તેમ જ કૌભાંડો અંગેના હોઈ શકે, જે કારણે રિઅલ એસ્ટેટના શેર ખુબ જ ધડાકાભેર તૂટશે, જે બજારને નીચે લઈ જવા માટે આગેવાની લેશે અને બજાર ૩૦ ટકાથી પણ વધુ નીચે આવી શકે તેવી શકયતાઓ છે.*

*ગત સપ્તાહના અંતે ડી એલ એફ, એચ ડી આઈ એલ, આઈ વી આર સી એલ ઈન્ફ્રા વગેરેમાં હિત ધરાવનારાઓએ શોર્ટ પોઝીશન શરુ કરી દીધેલ છે. રિઅલ એસ્ટેટના શેરના તૂટવાની શરુઆત થશે અને બજાર નીચે જઈ શકશે. જો રિઅલ એસ્ટેટમાં ધોવાણ થશે તો સુકા સાથે લીલું પણ બળશે.વાચકોએ પેનિક કરવાની જરૂર નથી, સાવચેતી માટે આ માહિતિ આપેલ છે.*

*૨૦૧૦માં શેરબજારની વાત કરીએ તો પાંચ નવેમ્બર દિવાળીના દિવસે સેન્સેક્સે ૨૧૦૦૦નો આંકડો પાર કર્યો. તથા ૫૨ સપ્તાહનો ઉચ્ચાંક ૨૧૧૦૮ બનાવ્યો. જ્યારે નિફ્ટીએ વર્ષનો સર્વોચ્ચ આંક ૬૩૩૮ સ્થાપિત કર્યો. હવે જાન્યુઆરીમાં વર્ષની શરૂઆતે નિફ્ટી ૫૨૦૧ હતી જ્યારે સેન્સેક્સ ૧૭૪૬૪ હતો. લગભગ બધા સેક્ટર વધ્યા પરંતુ કન્સ્ટ્રક્શન અને રિયાલિટી ક્ષેત્રના ઈન્ડેક્ષ લગભગ વર્ષને અંતે ૨૭ થી ૨૯ ટકાનો ઘટાડો દેખાડતા હતા જેના ઘણા કારણો છે. ઊંડાણમાં નહીં જઈએ પરંતુ શુક્રવારે રિયાલિટી ઈન્ડેક્ષ ૩.૭૬ ટકા ઘટ્યો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડેક્ષ ૨.૫૧ ટકા ઘટ્યો. હજુ પણ અમારા લેખકોના મતે આ ઈન્ડેક્ષ ૨૦૦૮ના તળિયાની સપાટીને સ્પર્શ કરી શકે છે.*

*વધુ વિગતો માટે 'ધી ઈકોનોમિક રેવલ્યૂશન'ના આગામી અંક વાંચતા રહો.*

*– નરેન્દ્ર જોષી તંત્રી*

## આવતા ૪૫ દિવસમાં નિફ્ટીમાં બંને તરફી ૬૦૦ પોઈન્ટની એક તરફી ચાલની શકયતા

શરદ કોટક

# દરેક ઉછાળે નફો બુક કરવો હિતાવહ ...!

**કંપનીના પરિણામો :**

- અલ્ટ્રાટેક સિમેન્ટનો ચોખ્ખો નફો ૩૧૮.૯૬ કરોડ થયો.
- એનઆઈઆઈટીનો સંયુક્ત ચોખ્ખો નફો ૩૬ ટકા વધ્યો
- ટેક મહિન્દ્રાનો ચોખ્ખો નફો ૪૯ ટકા વધ્યો
- ડી-લિંકના વેચાણમાં ૧૨ ટકાનો ઘટાડો થયો.
- સિએટનો ચોખ્ખો નફો ૩૯ ટકા તૂટવા પામેલ છે.

**આ સપ્તાહ :**

તા. ૭ : મંદી થઈને તેજી આવવાની ધારણા

તા. ૮ : આજે થોડા સુધારાની સંભાવના

તા. ૯ : તેજી થઈને મંદી આવવાની ધારણા

તા. ૧૦ : આજે વધઘટે સુધારાની શક્યતા

તા. ૧૧ : અચાનક વેચવાલીની ધારણા

**ટ્રેડીંગ સંભાવના :**

રિલાયન્સ ઈન્ડ., હિન્દાલ્કો, નાલ્કો, સેઈલ, ટાટા મોટર્સ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, અલસ્ટ્રોમ પ્રોજેક્ટ, આંધ્ર બેંક, થર્મેક્સ, સિમેન્સ, ક્રોમ્પટન ગ્રિવ્સ, ભેલ, એલ એન્ડ

**એસ્ટ્રો ગાઈડ**



કીર્તિકુમાર બી.શાહ

મો. ૯૪૨૮૧૯૨૬૫૯

ટી, ફિનિક્સ મિલ, ઓર્ચિડ, ટાટા કેમિકલ, ભારત અર્થ મુવર્સ, મેકલોઈડ રસેલ, રિલા. ઈન્ફ્રા., ઈન્ફોસીસ, કેઈર્ન

**ફ્યુચર એન્ડ ઓપ્શન :**

ભેલ, મારુતિ, સ્ટેટ બેંક, અબાન ઓફશોર, એક્સિસ બેંક, કેનેરા બેંક, ગ્રાસીમ, એચસીએલ, ડો. રેડ્ડી

**હાઈ રિસ્ક હાઈ પ્રોફાઈ :**

ડિવિઝ લેબ., પીપાવાવ, ભૂષણ સ્ટીલ, જિન્દાલ સો, ગેઈલ, ઓએનજીસી, એસ્સાર ઓઈલ, ઉષા માર્ટિન, વિડીયોકોન

**ડાર્ક હોર્સ :**

જેએસ ડબલ્યુ સ્ટીલ, ફેડરલ બેંક, અંબુજા, મધરસન સુમી, એસીસી, એપોલો ટાયર, લ્યુપિન, પ્રાજ ઈન્ડ, કેપિઆર મિલ, બાલકૃષ્ણ ઈન્ડ., એફ્કો કોર્પ, કેએસકે એનર્જી

**લાંબાગાળાનું રોકાણ :**

બજાજ ઈલેક્ટ્રોનિક્સ, અરવિંદ મિલ, યુટીવી સોફ્ટવેર, પોલારિસ, રોલ્ટા ઈન્ડિયા, ફોર્ટિસ હેલ્થકેર, હિન્દ મેટ્રો, ગુજરાત મિનરલ, હિન્દ યુનિલિવર, ભારતી એરટેલ, રાણે મદ્રાસ

**ચેતાવણી :**

ગ્રહોના આધારે આ કોલમમાં માત્ર સંભાવનાઓ જ રજૂ કરાય છે. સ્વબુદ્ધિથી જ વેપાર કરવો. લાભ – નુકસાન સાથે લેખક, તંત્રી, મુદ્રક કે પ્રકાશન જવાબદાર નથી.

# ૫૫૭૮ ઉપર સતત બે દિવસ બંધ ના આવે ત્યાં સુધી કરેક્શનની ચાલ યથાવત રહેશે

**નિફ્ટી ફ્યુચર**

**બંધ : ૫૩૮૭**

૫૪૧૦-૫૪૪૪-૫૪૭૬-૫૫૦૧-૫૫૪૧ સુધીના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૫૫૭૮ના બે દિવસ

**ગોલ્ડન સ્પોટ**

મનીષ પટેલ

latish_patel@yahoo.co.in

બંધના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં ૫૩૨૨-૫૩૪૮ એ ઈન્ટ્રાડેની દૃષ્ટિએ એક મહત્ત્વનો સપોર્ટ છે. તેનો ઈન્ટ્રાડેમાં લેણપેટે ૫૩૧૨નો સ્ટોપલોસ રાખવો. આ સ્ટોપલોસ તુટી જતાં વધુ ઘટાડા થકી ૫૨૭૧-૫૨૩૮-૫૧૯૪નો આંક જોવા મળે. છ માસિક ચાર્ટની દૃષ્ટિએ ૫૦૫૮-૫૧૩૮ એ છેલ્લો અને અંતિમ સપોર્ટ છે. આ સપોર્ટ નજીકથી બાઉન્સબેકની શક્યતા રહેલી છે. પરંતુ આ સપોર્ટ તૂટી જશે તો નિફ્ટી ફ્યુચર ૪૭૮૬-૪૯૩૩ સુધીનો વધુ ઘટાડા રૂપી આપી જશે.

**અબાન ફ્યુચર**

**બંધ ભાવ : ૬૬૦**

૬૭૪-૬૮૦-૬૮૪-૬૯૦ના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૬૯૬ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૬૪૬-૬૩૨-૬૧૯-૫૯૭નો ભાવ જોવા મળે.

**રિલાયન્સ ઇન્ફ્રા. ફ્યુચર**

**બંધ ભાવ : ૬૮૦**

૬૮૫-૭૦૦-૭૦૬-૭૧૪ના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૭૩૧ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૬૫૭-૬૩૪-૬૧૩-૫૯૬નો ભાવ જોવા મળે.

**ટીસીએસ ફ્યુચર**

**બંધ ભાવ : ૧૧૪૫**

૧૧૬૪-૧૧૭૮-૧૧૮૬-૧૧૯૬ ના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૧૨૧૧ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૧૧૨૨-૧૦૯૮-૧૦૭૬-૧૦૩૯નો ભાવ જોવા મળે.

**એમએન્ડએમ ફ્યુચર**

**બંધ ભાવ : ૬૭૦**

૬૮૨-૬૯૮-૭૦૮-૭૧૫ના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૭૨૩ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૬૪૩-૬૨૮-૬૦૨-૫૮૮નો ભાવ જોવા મળે.

**હિરોહોન્ડા ફ્યુચર**

**બંધ ભાવ : ૧૫૧૮**

૧૫૬૬-૧૫૮૪-૧૬૧૭-૧૬૪૪ ના કોઈપણ પ્રકારના ઉછાળામાં ૧૬૬૫ના સ્ટોપલોસથી વેચાણ કરવું યા જાળવવું. નીચામાં વધુ ઘટાડા થકી ૧૪૫૪-૧૩૯૧-૧૩૨૭-૧૨૮૧નો ભાવ જોવા મળે.

**ચાર્ટ શીખવા માંગતા વાચક મિત્રો komal_1992@ymail.com ઉપર સંપર્ક કરો.**

# વિવિધ કોમોડીટીઝમાં ઘટાડે લેવાલી જોવા મળે

ગયા સપ્તાહમાં બુલિયન કોમોડીટીઝમાં નીચેથી વધારો જોવા મળ્યો. સોનામાં ભાવમાં સપ્તાહના અંતે સામાન્ય વધારો રહ્યો જેની સામે ચાંદીમાં ઝડપથી વધારો જોવા મળ્યો અને આંતરરાષ્ટ્રીય ચાંદી ૨૯ ડોલરની ઉપર પહોંચી ગઈ. ક્રૂડમાં વધારો જોવા મળ્યો

**હોટ કોમોડીટીઝ**



પ્રતિક સોની

મો. ૯૫૧૦૮૫૦૨૮૮

જ્યાં ઉપરથી ફરી સામાન્ય ઘટાડો રહ્યો. ટૂંકાગાળામાં એનર્જીમાં સામાન્ય ઘટાડા બાદ વધારો જારી રહેશે. ચાંદીમાં સોનાને આઉટ પર્ફોર્મ કરતી જોવા મળે. ચાંદીમાં મોટી વધઘટ જોવા મળે.

**ક્રૂડનો ક્યાસ :**

આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં નાના ઘટાડાને બાદ કરતા વધારો ચાલુ રહેશે. હાલના લેવલથી વધીને ૯૦.૪૦ થી ૯૧.૨૦ ડોલર જોવા મળે. જો તેની ઉપર બંધ આપે તો તેજીની ચાલ આગળ વધે. અને આગામી સમયમાં ૯૫ ડોલર તરફ ધ્યાન અપાય. નીચેમાં ૮૬.૬૦ અને ૮૫.૨૦ અતિ મહત્ત્વના સપોર્ટ છે. એમસીએક્સમાં ૪૧૩૦ થી ૪૧૭૨ જોવા મળે. નીચેમાં ૪૦૪૦ આસપાસ ખરીદારી તરફી ધ્યાન બેસે જ્યાં નીચેમાં ૪૦૦૦ અને ૩૯૭૦ અગત્યના સપોર્ટ છે.

**સોનાની સ્ટ્રેટેજી :**

આંતરરાષ્ટ્રીય સોનામાં ૧૩૨૫ ડોલર અને ૧૩૦૪ ડોલર સપોર્ટ છે ઉપરમાં ૧૩૬૫ ડોલર સુધી જોવા મળે. જો તેની ઉપર બંધ આપે તો તેજી તરફી રુખ આગળ વધે અને ૧૩૮૦ ડોલરનું લેવલ જોવા મળે. ટૂંકાગાળામાં ૧૩૨૫ થી ૧૩૬૫ ડોલરની રેન્જ ધ્યાનમાં લેવાય. ઘટાડે સપોર્ટ થી લેણમાં રહેવાય. ટૂંકાગાળામા વોલેટાલિટી વધશે. એમસીએક્સમાં ૧૯૯૫૦ નો સપોર્ટ છે. ઉપરમાં ૨૦૩૬૦નું લેવલ પાર કરતા ૧૯૪૫૦ થી ૧૯૫૪૦ સુધી જઈ શકે છે. નીચેમાં ૨૦૨૦૦ નીચે ૨૦૧૩૫ થી ૨૦૦૮૦ સુધી શક્ય છે. જ્યાં સપોર્ટ થી લેણ તરફી ધ્યાન અપાય. ટૂંકાગાળામાં ૨૦૦૦૮ થી ૨૦૬૦૦ની રેન્જમાં ભાવ ફરતા જોવા મળે.

**ચાંદીની ચાલ :**

આંતરરાષ્ટ્રીય ચાંદીમાં નીચેમાં ૨૭.૫૦ ડોલરનો સપોર્ટ છે જ્યાં ઉપરમાં ૨૯.૫૨ ડોલર સુધી જોવા મળે. જ્યાં નજીકમાં ૨૯.૯૨ ડોલર પર રેસીસ્ટન્સ જોવા મળે. જ્યાં થોડુંક અટકે, એમસીએક્સ માં ૪૪૮૦૦ની ઉપર જતા ૪૫૨૦૦ સુધી જોવા મળે. જ્યાં ૪૫૪૫૦ની પ્રતિકારક સપાટી જણાય નીચેમાં ૪૪૦૦૦થી ઘટતા ૪૩૫૦૦થી ૪૩૨૦૦ સુધી જોવા મળે જ્યાં નજીકમાં ૪૩૦૦૦નો સપોર્ટ ધ્યાનમાં લેવો.

# દરેક નીચા મથાળે સ્મોલકેપ / મિડકેપ સ્ક્રીપ્ટો વેલ્યુબાઈંગ માટે આકર્ષક

દરેક નીચા મથાળે સ્મોલકેપ / મિડકેપ સ્ક્રીપ્ટો વેલ્યુબાઈંગ માટે આકર્ષક લાગે છે. સ્વનિર્ણય લેવો.

**(૧) હિંદ કોપર (૫૧૩૫૯૯) (૨૬૩.૪૦) :** નજીકમાં જ ૨૭૫ ઉપર ૩૦૨ થી ૩૩૩.

**(૨) સ્ટર લાઈટ (૫૦૦૯૦૦) (૧૬૮.૬૦) :** - નજીકમાં જ ૧૭૫ થી ૧૮૩.

**(૩) આલોક (૫૨૧૦૭૦) (૨૫.૨૫) :** - નજીકમાં જ ૨૭ થી ૩૦.

**(૪) વિજયા બેંક (૫૩૨૪૦૧) (૮૬.૩૫) :** - નજીકમાં જ ૯૦ થી ૯૫.

**(૫) ઈન્ડિયા સીમેન્ટ (૫૩૦૦૦૫) (૮૯.૨૦) :** - નજીકમાં જ ૯૫ થી ૧૦૦.

**(૬) યુનિટેક (૫૦૭૮૭૮) (૪૩.૧૦) :** - નજીકમાં જ ૪૮ થી ૫૪.

**(૭) જીએમઆર ઈન્ફ્રા.(૫૩૨૭૫૪) (૩૮.૪૫) :** - નજીકમાં જ ૪૩ થી ૪૮.

**(૮) એલઆઈટીએલ (૫૩૨૭૭૮૭) (૪૮.૧૫) :** - નજીકમાં જ ૫૩ થી ૫૯.

**(૯) રિલા. ઈન્ફ્રા. (૫૦૦૩૯૦) (૬૭૮) :** - નજીકમાં જ ૭૦૦ થી ૭૩૦.

**(૧૦) હિંદ ઓઈલ (૫૦૦૧૮૬) (૧૮૩.૮૦) :** - નજીકમાં જ ૧૯૫ થી ૨૦૭.

**(૧૧) પ્રાજ (૫૨૨૨૦૫) (૭૨.૫૦) :** - નજીકમાં જ ૭૭ થી ૮૨.

**(૧૨) શ્રી ગણેશ જ્વેલરી (૫૩૩૧૮૦) (૧૬૮.૮૦) :** - નજીકમાં જ ૧૭૮ કૂદાવે તો, ૧૯૮ થી ૨૧૬.

**(૧૩) કરુતુરી (૫૩૧૬૮૭) (૧૭.૬૫) :** - નજીકમાં જ ૨૧ થી ૨૫.

**(૧૪) બાજાજ હિંદ (૫૦૦૦૩૨) (૮૧.૯૫) :** - નજીકમાં જ ૮૬ થી ૯૧.

**(૧૫) સત્યમ (૫૦૦૩૭૬) (૬૦.૫૦) :** - નજીકમાં જ ૬૪ થી ૬૮.

**(૧૬) ગુજ. એનઆરઈ (૫૧૨૪૭૯) (૫૫.૪૦) :** - નજીકમાં જ ૫૯ થી ૬૪.

**(૧૭) આઈડીએફસી (૫૩૨૬૫૯) (૧૩૮.૦૫) :** - નજીકમાં જ ૧૪૫ થી ૧૫૩.

**(૧૮) એચીસી (૫૦૦૧૮૫) (૩૬.૨૦) :** - નજીકમાં જ ૩૯ થી ૪૩.

**(૧૯) પીપાવાવ (૫૩૩૧૦૭) (૮૧.૨૫) :** - નજીકમાં જ ૮૪ ઉપર ૮૮ થી ૯૩.

**(૨૦) કેપ્રીહાન્સ (૫૦૯૪૮૬) (૬૬.૫૦) :** - નજીકમાં જ ૭૩ થી ૮૧.

**(૨૧) ઈન્ડોરામા (૫૦૦૨૦૭)**

**હોટ કેક**



પારસ ઘેલાણી

મો. ૯૦૯૯૦૧૦૮૨૭

ghelani.paras@gmail.com

parasghelani@rediffmail.com

**(૬૫.૩૫) :** - નજીકમાં જ ૭૦ થી ૭૭.

**(૨૨) શ્રી રાયલસીમા (૫૦૭૭૫૩) (૧૦.૫૭) :** - નજીકમાં જ ૧૨ થી ૧૪.

**(૨૩) એનએમડીસી (૫૨૬૩૭૧) (૨૬૪.૯૦) :** - નજીકમાં જ ૨૭૩ ઉપર ૨૮૭ થી ૩૦૨.

**(૨૪) કિર્તી ન્યુટ્રિન્સ (૫૩૩૨૧૦) (૬.૬૩) :** - નજીકમાં જ ૯ થી ૧૨.

**(૨૫) ટાઈમેક્સ (૫૦૦૪૧૪) (૩૭.૮૦) :** -નજીકમાં જ ૪૧ થી ૪૫.

**(૨૬) એનટીપીસી (૫૩૨૫૫૫) (૧૭૬.૭૫) :** - નજીકમાં જ ૧૮૧ થી ૧૮૫.

**(૨૭) ઉષર એગ્રો. (૫૩૨૭૬૫) (૯૩.૧૦) :** - નજીકમાં જ ૯૭ ઉપર ૧૦૯ થી ૧૧૮.

# સેન્સેક્ષ માટેનું અગત્યનું રેજીસ્ટન્સ ૧૮૧૫૭/૧૮૪૩૮

**સેન્સેક્ષ**

**સપોર્ટ** : ૧૭૯૩૫/૧૭૬૫૪

**રેજીસ્ટન્સ** :૧૮૧૫૭/૧૮૪૩૮

આવનાર દિવસોમાં ટેકનીકલી

**ટ્રેડ વીથ ટ્રેન્ડ**

અભિષેક જૈન

investment_guru1@yahoo.com

M : 98260-41144

www.stocksidea.com

સેન્સેક્સ સાઈડ વે લાગે છે. સેન્સેક્ષ માટેનું હવે પછીનું અગત્યનું રેજીસ્ટન્સ લેવલ ૧૮૪૩૮

**નિફ્ટી સપોર્ટ : ૫૩૪૬/૫૨૨૪**

**રેજીસ્ટન્સ ૫૪૭૯/૫૫૭૬**

આવનાર દિવસોમાં ટેકનીકલી નિફ્ટી પણ સાઈડવે લાગે છે. નિફ્ટી માટે આવનાર દિવસોમાં હવે પછીનો મજબૂત રેજીસ્ટન્સ ૫૫૭૬ ઉપર રહેશે.

**એસ બી આઈ લી. (ખરીદો)**

**સપોર્ટ** :૨૪૫૨

**રેજીસ્ટન્સ** :૨૮૫૪

ટેકનીકલી આ સ્ટોક મજબૂત જણાય છે. આવનાર દિવસોમાં આ સ્ટોકમાં સારી વૃધ્ધિ જોવા મળે તેવા સંકેતો જોવા મળે છે. ટ્રેડર્સ ટૂંકા ગાળા માટે કેશ અથવા ફયુચરમાં ખરીદી શકે.

**એસીસી લી. (ખરીદો)**

**સપોર્ટ** : ૯૧૨

**રેજીસ્ટન્સ** : ૧૦૪૬

ટૂંકા ગાળાના ટ્રેડર્સ અને રોકાણકારોએ રોકાણ કરવા માટે આ સ્ટોક સારો જણાય છે. રોકાણકારો રોકડમાં અને ફ્યુચર ખરીદી શકે.

**ટૂંકા ગાળા માટેના ટ્રેડીંગ કોલ**

મજબૂત ટેકનીકલ બ્રેકઆઉટ સ્ટોપલોસ અવશ્ય રાખો

**બી.એસ.ઈ.કોડ** ૫૦૩૬૬૩

**તિલક ફાઈનાન્સ લી.**

**લાયન્સ રોર પા.નં. 3 નું ચાલુ**

છે. જે રીતે %કે એ %ડીને નીચે તરફથી કાપેલ છે તે જોતાં સ્ટોકેસ્ટિક ઓસીલેટર ‘બાય મોડ’માં છે, અને આ જ સમયે %ડી ઓવરસોલ્ડ ઝોનમાં પણ છે. એડીએક્ષ ૩૬ની સપાટીએ રહી સૂચવી રહેલ છે કે નિમ્નગતિહવે મજબૂતાઈ પકડી રહેલ છે. જે રીતે + ડી આઈ - ડી આઈની નીચે છે તે જોતાં જણાય છે કે દીશાસૂચક સૂચકાંકોએ પણ સેલમોડમાં રહેવાનું ચાલુ જ રાખેલ છે.

ઓઆઈ પી સી આર ઘટેલ છે અને હાલમાં તે ૦.૯૨ની નીચી સપાટીએ છે. ઓપ્શન પ્રવૃત્તિ સૂચવે છે કે ૫૨૦૦ ના સ્ટ્રાઈક ભાવે ઉચ્ચતમ માત્રામાં પુટ લેવાયેલ છે જયારે કોલ રાઈટીંગ ૫૫૦૦ અને તે પછી ૫૭૦૦ ના સ્ટ્રાઈક ભાવે ઉચ્ચતમ માત્રામાં જોવા મળેલ છે. આ રીતે ઓપ્શન પ્રવૃત્તિ દર્શાવે છે કે ૫૨૦૦ ટેકાની સપાટી તરીકે તેમ જ ૫૭૦૦ થી ૫૮૦૦ ની સપાટી પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરશે.

સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૨૮૧-૧૮૭૦૬ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૫૨૩-૧૭૧૯૧ છે.

નિફટી માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૫૨૦-૫૫૯૭ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૫૨૬૫-૫૨૦૪ છે.

આવનાર સપ્તાહે સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૭૯૪-૧૭૫૪૬-૧૭૨૭૬ અને પ્રતિકારક સપાટી ૧૮૩૫૫-૧૮૭૦૬-૧૯૦૭૪ રહેશે.

આવનાર સપ્તાહે નિફટી માટેનો ટેકો ૫૩૧૦-૫૨૩૮-૫૧૬૦ અને પ્રતિકારક સપાટી ૫૫૧૩-૫૬૨૪-૫૭૨૧ રહેશે.

**માર્કેટ ટ્રેન્ડ પા.નં. ૧ નું ચાલુ**

**ખરીદો :** રૂ. ૧૭૭-૧૫૨, સ્ટોપ લોસ રૂ. ૧૪૭, લક્ષાંક ૨૦૦

**૨. આર ઈ સી ખરીદો:** રૂ. ૨૬૦-૨૪૦ સ્ટોપ લોસ રૂ. ૨૩૫, લક્ષાંક ૨૮૮

**૩. અબાન ખરીદો:** રૂ. ૬૬૦ થી ૬૬૫, સ્ટોપ લોસ રૂ. ૬૧૦, લક્ષાંક ૭૦૦-૭૪૦

**૪. દીવીસ ખરીદો :** રૂ. ૬૬૦-૬૨૦, સ્ટોપ લોસ રૂ. ૬૦૫, લક્ષાંક ૭૦૦

**૫. ટેકમહિન્દ્રા ખરીદો :** રૂ. ૬૩૦-૬૧૫, સ્ટોપ લોસ રૂ. ૬૦૦, લક્ષાંક ૬૭૫

**બજારનો રિવ્યૂ પા.નં. ૧ નું ચાલુ**

બજારે મજબૂતાઈનાં કોઈ ચિન્હો દર્શાવેલ નથી. બજારનું આવું બંધારણ સૂચવે છે કે આવનાર દિવસોમાં તે હજુ પણ વધુ નિમ્નગતિ દર્શાવી શકે. બજાર ૫૩૬૦નો ટેકો લઈ શકતું હતું પરંતુ તેણે થોડું જોર કરીને ૫૫૦૦ ની સપાટી પસાર કરવી જરૂરી હતી અને આમ બન્યા વગર આપણે એવું માનવું પડશે કે બજાર નિમ્નમૂખી છે અને નીચે તરફની સપાટી ૫૩૬૦-૫૨૬૦-૫૨૪૦ જણાય છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ રેલીમાં હું ૫૫૦૦ ની સપાટી સુધી શોર્ટ કરવાની ભલામણ કરૂં છું.

## નિફટીનો ટેકો ૫૨૮૦

# રિલાયન્સ ૮૬૦ની સપાટીને સ્પર્શવા તૈયાર

**લાર્જ કેપ શેરમાં વેચવાલી જોવા મળશે**

**ફાયદાનો સોદો**



રાજેશ કોઠારી

મો. ૦૯૮૯૨૧૪૫૩૩૫

પ્રોપર્ટી શેરને અવગણો, તેમાં વ્યાપાર ન કરો. જેપીસીનાં પરિણામો કદાચ બજારને સેટલ કરી શકે. પસંદગીના મીડકેશ શેરોમાં જ ખરીદી કરો. તે જ તમને વધુ વળતર આપી શકશે.

એચડીએફસી, પાનાસીયા બાયોટેક, મિર્ક ઈલેક્ટ્રોનિક્સ અને એનીલ ખરીદો

| શેરનું નામ | ભલામણ | હાલનોભાવ | લક્ષાંક-૧ | લક્ષાંક-૨ | સ્ટોપલોસ |
|---|---|---|---|---|---|
| સન ફાર્મા | વેચો | ૪૧૨ | ૪૧૮ | ૩૯૦ | ૩૭૦ |
| ગેલેક્ષી એન્ટરપ્રાઈઝ | ખરીદો | ૨૭ | ૨૪ | ૩૧ | ૩૫ |
| ઈરોજ ઈન્ટરનેશનલ | ખરીદો | ૧૫૭ | ૧૫૨ | ૧૬૫ | ૧૭૦ |
| કોટક બેંક | વેચો | ૩૭૮ | ૩૮૫ | ૩૬૦ | ૩૪૦ |
| ડી બી રિઆલીટી | વેચો | ૧૪૦ | ૧૪૫ | ૧૩૦ | ૧૨૫ |
| એમ એન્ડ એમ | વેચો | ૬૭૯ | ૬૯૦ | ૬૫૦ | ૬૩૦ |
| આબુલ રિઅલ | વેચો | ૧૧૮ | ૧૨૪ | ૧૦૫ | ૯૭ |
| રેમન્ડ | વેચો | ૨૭૬ | ૩૦૦ | ૨૬૦ | ૨૪૦ |
| રિલાયન્સ | વેચો | ૯૧૭ | ૯૩૫ | ૮૯૦ | ૮૪૦ |
| એચ ડી આઈ એલ | વેચો | ૧૪૦ | ૧૪૫ | ૧૩૦ | ૧૨૦ |

શેર બજારની રોજની અપડેટેડ વિગતો માટે વેબસાઈટ www. theeconomicrevolution.com જોતા રહો

# નિમ્નગતિ ચાલુ, ઋષભો માટે કોઈ દયા નહીં

**તા. ૦૫/૦૨/૨૦૧૧**

**ટૂંકા ગાળાનો ટેકાની સપાટીનો પ્રદેશ જળવાઈ રહ્યો છે**

અપેક્ષા મુજબ બજાર ૨૦૦ ડી એમ એને સફળતા પૂર્વક તોડયા પછી બજારે ખુલીને મંદીતરફી વર્તનથી શરૂઆત કરી. એફ આઈ આઈ ની વેચવાલી પણ ચાલુ જ રહી અને રિંછો ક્રુર દ્રષ્ટિકોણ ધરાવતા હતા અને ઋષભો માટે કોઈ દયા બતાવતા ન હતા. જયારે બજારે નિમ્નગતિ દર્શાવી ત્યારે સેન્સેક્ષ (૧૭૯૦૦-૧૮૧૦૦) અને




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

તળીયાની રચના થઈ છે, તે બુલીશ બોટમ રીવર્સલ સિગ્નલ બજાવેલ હતો.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૮૨૨૬ પોઈન્ટથી થઈ, ૧૮૫૪૨ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૯૨૬ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૮૦૦૮ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૩૮૭ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ જ રીતે નિફટીએ પણ સપ્તાહની શરૂઆત ૫૪૫૨ પોઈન્ટથી કરી, ૫૫૫૬ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૩૬૯ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૩૯૫ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફટીએ પણ સાપ્તાહિક ધોરણે ૧૧૭ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

શુક્રવારે બંને ઈન્ડેક્ષોએ દૈનિક ચાર્ટ પર મંદીમય ઈન્ગલ્ફીંગની રચના કરી. જયારથી મંદીમય ઈન્ગલ્ફીંગ પેટર્ને રૂખ નિમ્નમુખી છે. બજાર ૨૦૦ ડીએમએ નીચે (સેન્સેક્ષમાં ૧૮૮૩૯ અને નિફટીમાં ૫૬૪૯) હોવાથી ટૂંકા ગાળાની તેમ જ મધ્યમ ગાળાની રૂખે નિમ્નગતિ ચાલુ જ રાખેલ છે

બજારે લોઅર ટોપ અને લોઅર બોટમ રચેલ છે અને પરિણામે મધ્યમગાળાની રૂખ નિમ્નમૂખી છે. જયાં સુધી સેન્સેક્ષની ૧૭૮૧૯ અને નિફટીની ૫૩૪૮ની સપાટી જળવાઈ રહે ત્યાં સુધી લાંબા ગાળાની રૂખ સાબૂત રહેશે.

જો આપણે સેન્સેક્ષ અને નિફટીની ટૂંકા ગાળાની વૃધ્ધિ અનુક્રમે ૧૫૯૬૦ થી ૨૧૧૦૮ તેમ જ ૪૭૮૬ થી ૬૩૩૮ને લક્ષમાં લઈએ તો સેન્સેક્ષ અને નિફટી માટેની રિટ્રેસમેન્ટ સપાટી અનુક્રમે ૧૯૧૪૧-૧૮૫૩૪-૧૭૯૨૭ અને ૫૭૪૫-૫૫૬૨-૫૩૭૯ આવશે. સેન્સેક્ષ અને નિફટીએ ઉપરના ઘટાડાના ૬૧.૮ ટકા રિટ્રેસમેન્ટ સપાટીને સ્પર્શ કરેલ છે અને હવે ત્યાંથી બાઉન્સબેક થયેલ છે. જો આપણે સેન્સેક્ષ અને નિફટીની મધ્યમ ગાળાની વૃધ્ધિ અનુક્રમે ૧૩૨૧૯ થી ૨૧૧૦૮ તેમ જ ૩૯૧૮અને ૬૩૩૮ને લક્ષમાં લઈએ તો સેન્સેક્ષ અને નિફટી માટેની રિટ્રેસમેન્ટ સપાટી અનુક્રમે ૧૮૦૯૪-૧૭૧૬૩-૧૬૨૩૩ અને ૫૪૧૪-૫૧૨૮-૪૮૪૨ આવશે.જો આપણે સેન્સેક્ષ અને નિફટીની સળંગ વૃધ્ધિ અનુક્રમે ૭૬૯૭ થી ૨૧૧૦૮ તેમ જ ૨૨૫૨ થી ૬૩૩૮ને લક્ષમાં લઈએ તો સેન્સેક્ષ અને નિફટી માટેની કરેકશનની સપાટી અનુક્રમે ૧૫૯૮૫-૧૪૪૦૨-૧૨૮૨૦ અને ૪૭૭૭-૪૨૯૫-૩૮૧૩ આવશે. આ ઉપરાંત સેન્સેક્ષ અને નિફટીની અગાઉની તળિયાની સપાટી અનુક્રમે ૧૭૮૧૯ અને ૫૩૪૮ છે. સેન્સેક્ષની ૧૭૯૦૦ થી૧૮૧૦૦ અને નિફટીની ૫૩૫૦ થી ૫૪૦૦ ના ગાળામાં બહુવૃંદ ટેકાની સપાટીઓ આવેલ છે તેથી આ ગાળો મહત્વના ટેકાની સપાટી તરીકે કાર્ય કરશે.

બંને ઈન્ડેક્ષોએ મંદીમય બ્રોડેનીંગ ટોપ અને મંદીમય હેડ એન્ડ શોલ્ડરનો તેમનો લક્ષાંક સાધ્ય કરેલ છે. પેટર્ન ફોર્મેશન ડાયનેમિક પ્રક્રિયા છે અને નકારાત્મક મંદીમય પેટર્ન રચાયેલ છે અને તેથી આ મુજબ સેન્સેક્ષ અને નિફટીનો લક્ષાંક અનંક્રમે ૧૭૬૯૧-૧૭૪૮૪ અને ૫૩૧૧-૫૨૬૧ રહેશે.

મોટા ભાગના સંકેતકો 'સેલ મોડ'માં જ છે. એમ એ સી ડી અને આર ઓ સી પણ નકારાત્મક ટેરીટરીમાં રહેવા ઉપરાંત 'સેલ મોડ'માં રહેવાનું ચાલુ જ રાખેલ છે. આર એસ આઈ પણ ૩૧ ઉપર છે અને વેચાણના સંકેત ચાલુ જ રહેલ છે. ઓ બી વી એ પણ મનીફલો ઈન્ડેક્ષે પણ તેમનો 'સેલ મોડ' ચાલુ જ રાખેલ

**અનુસંધાન પા.નં. ૨ ઉપર**

**બંને ઈન્ડેક્ષોએ મંદીમય બ્રોડેનીંગ ટોપ અને મંદીમય હેડ એન્ડ શોલ્ડરનો તેમનો લક્ષાંક સાધ્ય કરેલ છે.**

## સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 5160 | 5238 | 5310 | 5395 | 5513 | 5624 | 5721 |
| Sensex | 17276 | 17546 | 17794 | 18008 | 18355 | 18706 | 19074 |

## ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**બધા જ લક્ષાંક સહેલાઈથી સાધ્ય થયા. સ્ટાર પર્ફોમર રહ્યો મારૂતિ અને અદાની એન્ટરપ્રાઈઝ**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Sell Polaris | 167 | 159 | 160 | 2000 | Rs.14,000 |
| Sell AdaniEnt | 576 | 544 | 544 | 500 | Rs.16,000 |
| Sell Grasim | 2302 | 2239 | 2230 | 125 | Rs.9,000 |
| Sell Maruti | 1229 | 1175 | 1150 | 250 | Rs.19,750 |
| Sell Educomp | 474 | 458 | 450 | 500 | Rs.12,000 |
| | | | | Total | Rs.70,750 |

## આગામી સપ્તાહ માટે ભલામણ

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Sell HCLTech | 480 | 489 | 462 | 443 |
| Sell SunPharma | 416 | 423 | 404 | 391 |
| Sell PNB | 1059 | 1080 | 1030 | 1000 |
| Sell NTPC | 177 | 180 | 171 | 164 |
| Sell Cipla | 324 | 329 | 314 | 304 |

**સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૨૮૧-૧૮૭૦૬ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૫૨૩-૧૭૧૯૧ છે.**

નિફટી (૫૩૫૦-૫૪૦૦)નો ટેકાનો ગાળો, કે જેના તરફ અમોએ ગત સપ્તાહમાં અંગુલીનિદેશ કરેલ હતો તે અમલમાં આવ્યો. આ ટેકાની સપાટીના ગાળાને સફળતા પૂર્વક સ્પર્શ થયો અને હવે બજારમાં તેની જ પકડ છે. આ ટેકાની સપાટીનો ગાળો, આ ગાળામાં ટેકાની સપાટીના ગુંચવાડાને કારણે બને તેવી શકયતા છે. આ રચના છેલ્લી ઈનગલ્ફંગ બોટમ રચના છે કે જયાંથી, જો ભાવો અગાઉની કાળી કેન્ડલના બંધ ભાવ કરતાં ઉપર બંધ આપે તો, બુલ્સ માટે ટર્નીંગ પોઈન્ટ હોઈ શકે. સાપ્તાહિક ચાર્ટ પર સ્ટાર જેવી બ્લેક બોડીની રચના થયેલ છે પરંતુ થોડો અપર શેડો પણ ધરાવે છે. આ તટસ્થ રચના છે અને તેથી આવતા સપ્તાહની કેન્ડલની રચના બજારની ભવિષ્યની દીશા નક્કી કરશે.

બજાર બધી જ મુવીંગ એવરેજ નીચે સારી રીતે ટ્રેડ થઈ રહેલ છે. બજાર હવે સ્પષ્ટ રીતે ૨૦૦ ડી એમએ નીચે છે. (સેન્સેક્ષમાં ૧૮૭૪૦ અને નિફટીમાં ૫૬૨૬) અને પરિણામે લાંબા ગાળાની

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

**Sell HCL Tech. 480 SL489 Tgt462-443**



**Sell NTPC 177 SL 180 Tgt 171-164**



# મોંઘવારીએ અને મીસરીએ ફરી શેર બજારને મંદીના માહોલમાં ધકેલી દીધું

**બેસ્ટ સ્ક્રીપ ઓફ ધી વીક**

**એચ ડી આઈ એલ લી.**

**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**

**હાલનો ભાવ રૂ.૧૩૯**

ઉપર જણાવ્યા મુજબ શેરબજાર કે જે ૨૦૧૧ની શરુઆતથી જ મંદીના માહોલમાં હતું, એટલે કે વર્ષનો પ્રથમ માસ જાન્યુઆરી આખો મંદીમાં પસાર થયો, અને ફેબ્રુઆરીની શરૂઆતમાં જ એટલે કે તા. ૧, ૨ અને ૩ દિવસની તેજીની શરુઆત કરી અને વળી પાછું શુક્રવારના રોજ વધતી જતી મોંઘવારીને ઈજીપ્તના મીસરીમાં ચાલી રહેલ રાષ્ટ્રપતિ સામે ચાલી રહેલ બળવાનું રૂપ ફરી એક વાર ગંભીર રુપ લેતાં શેરબજારમાં ૫૦૦ પોઈન્ટનો ઘટાડો આવ્યો અને સપ્તાહના અંતે બજાર ફરીથી એક વાર ૧૮૦૦૦ ની નીચે જતું રહ્યું,એટલે કે લગભગ ૧૮૦૦૮ જેવું બંધ આવ્યું.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂં છું.

**એચ ડી આઈ એલ લી.**

**બીએસઈ કોડ ૫૩૨૮૭૩**

**હાલનો ભાવ રૂ.૧૩૯**

ઈન્ફ્રાસ્ટ્રકચર અને હાઉસીંગ ડેવલપમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર છેલ્લા એક માસમાં ૪૦ ટકા જેટલો તૂટી ગયો છે. કંપનીનું ફન્ડામેન્ટલ જોતાં આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૧૦ અને કમાવાના ૧૦૦ છે તો ડીલીવરીબેઈઝ રોકાણ કરવું ઉત્તમ રહેશે.

**ડી એલ એફ લી.**

**બીએસઈ કોડ ૫૩૨૮૬૮**

**હાલનો ભાવ રૂ.૨૩૭**

કન્સ્ટ્રક્શન તેમ જ રિઅલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલ અને સમગ્ર ભારતમાં તેમ જ પશ્ચિમના દેશોમાં કન્સ્ટ્રક્શનના વ્યવસાયમાં જેનું નામ મોખરે છે તેવી ડી એલ એફ ગ્રુપની આ કંપની છેલ્લા ૨૦ દિવસની મંદીમાં લગભગ ૫૦ ટકા કરતાં વધુ તૂટી ગયો છે. તો કંપનીનું કામકાજ તેમ જ મિલકતો જોતાં આ કંપનીમાં હાલના ભાવે આંખો મીંચીને રોકાણ કરી શકાય.

**સીનેમેક્ષ લી.**

**બીએસઈ કોડ ૫૩૨૮૦૭**

**હાલનો ભાવ રૂ.૪૯**

મલ્ટીપ્લેક્ષ એટલે કે મનોરંજનના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની આઈપીઓ પ્રાઈજ ૧૪૦ કરતાં બહુ જ ઓછા ભાવે ઉપલબ્ધ છે. કંપનીના સમગ્ર ભારતમાં ૨૫ થી ૩૦ મલ્ટીપ્લેક્ષ છે. અને આવનાર દિવસોમાં ઘણાં બધાં મલ્ટીપ્લેક્ષ બનાવશે. ફીલ્મ ઉદ્યોગનું ભાવી જોતાં, આ કંપનીનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે. આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ તમને એક થી બે વર્ષમાં લાખો પતિ બનાવી શકે તેમ છે.

**પુંજ લોઈડ લી.**

**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**

**હાલનો ભાવ રૂ.૯૦**

૧૦૦ વર્ષ જુના જાણીતા પુંજ ગ્રુપ દ્વારા પ્રમોટ કરાયેલી એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની ૫૨ સપ્તાહની નીચી સપાટીએ ઉપલબ્ધ છે. કામકાજની દ્રષ્ટિએ આ કંપની મીની એલ એન ટી જેવી છે, જેથી આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરી શકાય.

**જે પી એસોસિએટસ લી.**

**બીએસઈ કોડ ૫૩૨૫૩૨**

**હાલનો ભાવ રૂ.૮૩**

જેપી દ્વારા પ્રમોટ કરાયેલ અને સીમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીના શેરનો ભાવ પણ હાલ ૫૨ સપ્તાહની નીચી સપાટીએ છે. કંપની પાસે કરોડો રૂપિયાની મિલકતો છે. તો આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના રૂ. ૨૦ છે, તેથી હાલના ભાવે રોકાણ કરવું હિતાવહ છે.

**સર્કિટ ૨ સર્કિટ (અપર)**



**અશ્વિન શાહ**
**મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
**(કે.પી. કમાલ) મુંબઈ**
www.theeagleinvestor.co.in

## આવતા સપ્તાહમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તેમ જ રિઆલીટીના શેરોમાં આગ ભભૂકતી તેજી

**એચડીઆઈએલના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને તમારા કુટુંબને સુખી અને સમૃધ્ધ બનાવો**

# આ સપ્તાહે પેઈન્ટસ, કેપિટલ ગુડસ, ફાર્મા અને ઘડિયાળ ક્ષેત્રને સારો જયોતિષિય સહયોગ

**તા.૦૭ ફેબ્રુઆરી થી ૧૧ ફેબ્રુઆરી , ૨૦૧૧**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા મીન અને મેષ રાશીમાં ભ્રમણ કરશે, રાહુ, શુક્ર અને પ્લુટો ધન રાશીમાં, બુધ, સૂર્ય અને મંગળ મકરમાં પરિભ્રમણ કરશે. કેતુ મિથુન રાશીમાં, શનિ કન્યા રાશીમાં, ગુરુ અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે. નેપ્ચ્યુન કુંભ રાશીમાં રહેશે.

છેલ્લા કેટલાક સપ્તાહથી અમો બજારની ભ્રામકતા અને બજારના દેખાવ અંગે ચેતવણી આપતા આવ્યા છીએ.

સાવચેતી રાખો : ગ્રહોકિય સ્થાન પ્રતિકૂળ રહેશે, જે કારણે બજારમાં ભારે ચંચળતા અને ભ્રામકતા જોવા મળશે. ગ્રહોકીય સ્થિતિ દર્શાવી રહેલ છે કે પ્રતિકૂળ સમાચારોનો પ્રવાહ જોવા મળશે.

બજારની એક બે દિવસની રેલીથી ગેરમાર્ગે દોરવાતા નહીં, જયોતિષિય રીતે પરિસ્થિતિ ભ્રામક રહેશે તેમ જણાય છે.

ગ્રહોકિય સ્થિતિને કારણે બજાર ચંચળતાપૂર્ણ અને અનિયમિત રહેશે.

**નીચે જણાવેલ ક્ષેત્ર જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.**

**પેઈન્ટસ :**

એશિયન પેઈન્ટસ, બર્ગર અને શાલીમાર પેઈન્ટ વગેરે

**કેપિટલ ગુડસ :**

ભેલ, એલ એન્ડ ટી, એ બી બી અને બી જી આર એનર્જી વગેરે

**ફાર્મા :** દેવીસ લેબ, ઓરબીન્દો ફાર્મા, લ્યુપીન અને યુનિટેક વગેરે

**ઘડિયાળો :**

આ ક્ષેત્ર પણ જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. ઘટાડે ટાઈટન ખરીદો

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

**એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**



**સતિષ ગુપ્તા**
**મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
**૦૯૮૧૦૦૧૮૪૩૮**
http://www.astrostocktips.in
E-mail : astrostocktips@rediffmail.com

## ન્યૂઝ ટ્રેક

**મોદીએ ૨૦૦૨માં કોમી રમખાણો ભડકાવવા ઉશ્કેરણી કરી હતી : સિટ**

ગુજરાત રાજ્યમાં થયેલા ગોધરાકાંડ અને તે પછી થયેલા રમખાણોમાં ગુજરાતના મુખ્ય મંત્રી મોદીની શંકાસ્પદ ભૂમિકાનો પર્દાફાશ કરતા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે અયોધ્યાથી કાર સેવા કરીને સાબરમતી એક્ષપ્રેસમાં પાછા ફરી રહેલા કાર સેવકોને ગોધરામાં ટ્રેનમાં સળગાવવાની ઘટના અને તે પછી ફાટી નિકળેલા કોમી રમખાણોને ભડકાવવા માટે મોદીએ ઉશ્કેરણી કરી હતી.

સીટના ૬૦૦ પાનાના સનસનાટી મચાવનાર અહેવાલમાં ગુજરાતના મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી પર ૩૨ આક્ષેપો કરવામાં આવ્યા હતા.

૨૦૦૨ના રમખાણો પહેલાં મોદીએ તેમના બંગલામાં અધિકારીઓની બેઠક યોજી હતી તેમાં રમખાણોને ભડકાવનારા કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા હતા અને હિન્દુઓને તેમનો ગુસ્સો અન્ય લોકો પર ઠાલવવા માટે છૂટો દોર આપવામાં આવ્યો હતો. પુરાવાનો નાશ કરવા માટે સિટ દ્વારા નરેન્દ્ર મોદીને દોષિત ઠરાવવામાં આવ્યા છે. મોદી રમખાણો પહેલાં સરકારી બંગલામાં મિટીંગ યોજી ઉશ્કેરણી કરી હતી તેવું સીટના અહેવાલમાં જાણવા મળ્યું છે.

**ગુજરાતને નવી ઊંચાઈની ઓળખ આપવા "ટીમ ગુજરાત" કૃત સંકલ્પ**

મહેસાણા પાસેના પાર્કમાં મંત્રીમંડળના સભ્યો, સચિવો, ઉચ્ચ પોલિસ અધિકારીઓ અને ખાતાના



વડાઓ તથા જિલ્લા કલેક્ટર અને ડીડીઓની ૭મી ચિન્તન શિબિરનો પ્રારંભ થયો છે. ઉદ્‌ઘાટન ભાષણમાં મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ વર્ષે ચિન્તન શિબિર ટીમ ગુજરાતે "મૈ નહીં હમ" 'વન ટીમ વન વિઝન' 'વન મિશન' પરિવાર ભાવના સાથે સ્વર્ણિમ જયંતિ અવસરે ગુજરાતને દરેક ક્ષેત્રમાં નવી ઊંચાઈની ઓળખ આપવા કૃત સંકલ્પ છે. જન સેવાના સારા નરસા અનુભવોની આપ લે થી વહીવટમાં નવી ચેતના જાગે છે.

**ટુજી ગોટાળામાં કરુણાનિધિ પણ આરોપી : સ્વામી**

જનતા પાર્ટીના અધ્યક્ષ સુબ્રમણ્યમ સ્વામીએ સીબીઆઈ અદાલતમાં દાખલ કરાવેલી પોતાની ફરિયાદમાં ટુજી સ્પેક્ટ્રમ ગોટાળામાં પૂર્વ કેન્દ્રીય મંત્રી એ. રાજાની સાથે સાથે દ્રવિડ મુનેત્ર કડગમ (ડીએમકે) ના પ્રમુખ એમ. કરુણાનિધિ સહ આરોપી ગણાવ્યા છે.

**ત્રાસવાદી કસાબના ભાવિનો ફેંસલો આગામી સોમવારે**

૨૬ મહિના પહેલાં પાકિસ્તાનના ૧૦ ત્રાસવાદીઓએ મુંબઈમાં હોટલ તાજ અને છત્રપતિ શિવાજી ટર્મિનસ સહિતના અનેક સ્થળોએ આડેધડ ગોળીબાર કરીને મોતનો ક્રુર ખેલ ખેલનાર અજમલ આમિર કસાબ નામનો એક ત્રાસવાદી જીવતો પકડાયો હતો. નીચલી કોર્ટના સજાએ મોતના નિર્ણય ઉપર મુંબઈ હાઈકોર્ટે કસાબની અપીલ આગામી સોમવારે સુનાવણી હાથ ધરશે જેમાં કસાબનું ભાવી નક્કી થશે.

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

**તંત્રીની કલમે....**

# શું સરકાર હવે સંસ્કૃતિનો નાશ કરવા પણ કટિબધ્ધ ??? વ્યભિચારને અનુમોદન !!!

**મિત્રો,**

તમને આ મથાળું વાંચીને નવાઈ લાગશે, પરંતુ આ લખવાની અમને ફરજ પડી છે, કેન્દ્રસરકારના બાળ અને મહિલા કલ્યાણ ખાતાએ ઘડેલા એક મુસદ્દા મુજબ હવે ૧૬ વર્ષથી વધુ ઉંમરની કન્યાઓ કોઈ પણ પુરુષ સાથે પોતાની મરજીથી સેકસ કરે તો તેને બળાત્કાર ગણવામાં આવશે નહીં, આ ખરડાના મુસદ્દાને 'ડ્રાફટ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન્સ ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ બિલ' એવું નામ આપવામાં આવેલ છે તેમ જ તેમાં એવી પણ દરખાસ્ત છે કે બાર વર્ષ કે તેનાથી વધુ વયનાં બાળકોને પરસ્પર સંમતીથી નોન-પેનિટ્રેટિવ સેકસ સંબંધોની કાયદેસર છૂટ આપવી. દરેક રાજયમાં આ ખરડાની એક નકલ પણ સંમતિ માટે મોકલવામાં આવેલ છે. આ મુસદ્દો કાયદા સ્વરૂપે લાવવા માટેની હીલચાલ પણ શરુ થઈ ગઈ છે.

અત્યાર સુધી ૧૮ વર્ષની નાની છોકરી સાથે તેની સંમતિથી પણ સેકસ કરવામાં આવેતો તેને બળાત્કાર ગણવામાં આવતો પણ હવે તે કાયદેસર ગણશે. લગ્નની ઉંમર ૧૮ વર્ષ અને સેકસ માણવાની ઉંમર ૧૬ વર્ષ, એટલે કે વ્યભિચારને કાયદેસરનું અનુમોદન.

હાલમાં સરકાર આવા જે નિર્ણયો કરી રહી છે તે 'વિનાશ કાળે વિપરિત બુધ્ધિ' જેવા છે. કાયદાથી લગ્ન માટેની ઉંમર સ્ત્રીઓ માટે ૧૮ વર્ષ તેમ જ પુરુષ માટે ૨૧ વર્ષ રાખવામાં આવી છે, આવો કાયદો કરવા પાછળનો આશય બાળલગ્ન પર પ્રતિબંધ મૂકવાનો હતો, પુરુષ અને સ્ત્રી પોતાની અને લગ્ન પછી આવનાર બાળકની જવાબદારી ઉઠાવી શકે, નવી પેઢીને સારી રીતે ઘડી શકે તેવો આશય હતો, સંસાર શરુ કરનાર સ્ત્રી અને પુરુષ શારીરિક તેમ જ માનસિક અને ઉંમરથી પુખ્ત હોય તે ખાસ જરુરી હતું. અને આજે પણ બાળલગ્ન પ્રતિબંધિત ગણાય છે. મનુસ્મૃતિ મુજબ પણ માણસની ૧૦૦ વર્ષની ઉંમરને ચાર આશ્રમમાં વહેંચી નાખવામાં આવેલ છે. પ્રથમ ૨૫ વર્ષ બ્રહ્મચર્યાશ્રમ છે, એટલે કે કોઈ પણ પુરુષે ૨૫ વર્ષની ઉંમરે જ લગ્ન કરવું.

લગ્નને કોઈ પણ ધર્મમાં ધાર્મિકતા સાથે જોડી દેવામાં આવેલ છે. તેથી હિન્દુ ધર્મમાં વેદ અથવા પુરાણોના મંત્રો સાથે બ્રાહ્મણો લગ્ન કરાવે, મુસ્લીમ ધર્મમાં કુર્આનના જ્ઞાતા મુલ્લા લગ્ન વિધિ કરાવે અને ખ્રીસ્તી ધર્મમાં પણ પાદરી લગ્ન વિધિ કરાવતા હોય છે. કોઈ પણ ધર્મ લો, લગ્ન એ એક પવિત્ર બંધન ગણવામાં આવે છે અને લગ્ન બહારના સંબંધોની કલ્પનાને પણ પાપ ગણવામાં આવેલ છે. મુસ્લીમ ધર્મમાંતો આવી વ્યભિચારી વ્યક્તિ માટે મોતની સજા અથવા તો કેટલાક દેશોમાં તો પથ્થરો મારીને મારી નાખવાની સજા ફરમાવવામાં આવે છે. હિન્દુ ધર્મમાં પણ આતતાયીને મોતની સજા સુચવેલ છે જ, અને વ્યભિચારીને આતતાયી ગણવામાં આવેલ છે.

આ બધા વિચારો, ઋષિએ આપેલી કુટુંબ વ્યવસ્થાને ટકાવી રાખવા માટે, સમાજની એક વ્યવસ્થાને ટકાવવા માટે ઋષિઓની અનેક વર્ષની મહેનતનું ફળ છે. સ્ત્રી અને પુરુષ લગ્ન વખતે પ્રતિજ્ઞાબધ્ધ થાય, એક બીજાનો સાથ ટકાવવા માટે અને પછી જ એક બીજાને સમર્પિત થાય આ આપણી સંસ્કૃતિ છે. આપણી સંસ્કૃતીમાં તો છૂટાછેડાની પણ છૂટ નથી, છે કોઈ ધાર્મિકવિધિ છૂટા છેડા માટે ? આ જ છે કુટુંબ વ્યવસ્થાની ધરોહર.

પરંતુ ધર્મથી તેમ જ સંસ્કૃતિથી અભણ એવા અને સત્તા માટે કોઈ પણ નિતિમત્તાને મહત્વ ન આપતા રાજકારણીઓ દ્વારા જયારે કાયદા દ્વારા વર્ષો જુની સભ્યતા અને સંસ્કૃતિ પર વજઘાત કરવામાં આવે ત્યારે કોઈ પણ સંસ્કૃતિપ્રેમીનું લોહી ઉકળી ઉઠવું જોઈએ. આતો કુટુંબ વ્યવસ્થાનું ખુન છે, વ્યભિચારને અનુમોદન અને પ્રાણી જેવી જીંદગી ? સંસ્કૃતિ નામ જ મટી જાય તેવી આ હિલચાલ છે. ધાર્મિકતા પર કારમો ઘા છે.

આથી કોઈ પણ યુવાન હોય કે વૃધ્ધ, સંસ્કૃતિ પરના આ કારમા થનાર ઘાનો વિરોધ કરવો જોઈએ એમ અમને લાગે છે. પરંતુ અમને વધુ નવાઈ એ લાગે છે કે મંદીર અને મસ્જીદના ઝઘડામાં રાચતાં હિન્દુ અને મુસ્લીમ સંગઠનો આ બાબતે કેમ ચૂપ છે ? હિન્દુ ધર્મનો ઠેકો લઈને ફરતાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ વગેરે સંસ્થાઓ, ધાર્મિકતાનો ઝંડો ફરફરતો રહે તે માટે શંકરાચાર્ય દ્વારા સ્થાપવામાં આવેલ ગાદીપતિ શંકરાચાર્યો, પોતાને સંત કહેડાવતા કહેવાતા મઠાધિપતિઓ અને નાની નાની બાબતોમાં ચર્ચા છેડી કૂદી પડનાર કહેવાતા મહામંડલેશ્વરો - સંતો કયાં છે ?આ સમાચાર આવે ૨૪ કલાક થયા છતાં પણ પોતાના પ્રત્યાઘાત, વિરોધનાસ્તો, શા માટે આપતા નથી ? મુસ્લીમ વડાઓ, કે જે નરેન્દ્રમોદીના રાજયમાં મુસ્લીમોનો વિકાસ થયો, તેવા શબ્દોના નકારાત્મક પ્રત્યાઘાત ગણતરીના કલાકોમાં જ આપી દે છે તેઓ કેમ ચૂપ છે ? શું તેમને આ ખરડામાં સંસ્કૃતિનો છેદ ઉડતો જણાતો નથી ? સરકાર શા માટે આવા કાયદા કરે છે ? કોણે આ કાયદાની માંગ કરી હતી ? શા માટે આવા નિરર્થક અને સંસ્કૃતિનો નાશ કરનાર ખરડાથી તેઓ તેમના ખરડાયેલા ચારિત્રને અને વિચારોને છતા કરી રહેલ છે ?

આવી તદ્દન હલકી કક્ષાની અને સંસ્કૃતિનો છેદ ઉડાડનારી ઘટના છતાં નાની નાની બાબતોમાં ધાર્મિક ઝઘડા અને વૈમનસ્ય દર્શાવી પોતાનો રોટલો શેકતી સંસ્થાઓ, સમાજના ઠેકેદારો, બાળ કલ્યાણની વાતો કરનાર સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, માનવ અધિકાર પંચ અને ટ્રસ્ટો, ધાર્મિક સંસ્થાઓ, ધર્મનો વિશ્વમાં સંદેશો ફેલાવનાર સ્વામીનારાયણ સંપ્રદાય, 'ગીતા જ્ઞાન સબસે મહાન' કહેનારા અને સંસ્કૃતિને ફરી ગતિ આપવાનો દાવો કરનાર પાંડુરંગ શાસ્ત્રી પ્રૈરિત સ્વાધ્યાયના અગ્રણીઓ, 'નારી શક્તિ સબસે મહાન' કહેનાર યુગનિર્માણ યોજનાના અગ્રણીઓ' પતિ-પત્નિ વચ્ચે પણ પવિત્રતાની વાત કરનાર બ્રહ્માકુમારી જેવી સંસ્થાઓ, બધા જ કેમ ચૂપ છે ? કેમ કોઈએ વિરોધનો સૂર રેલાવ્યો નહીં. આ લખાય છે ત્યારે આ સમાચાર આવે ૨૪ કલાક થયા, છતાં કેમ કોઈનો વિરોધ નહિં, નાની અમથી વાતોને ગોળ ગોળ ફેરવીને આખો દિવસ સમાચારના એક એક તાંતણાને છૂટો કરી, ચર્ચાઓ ગોઠવી એ જ સમાચારોને આખો દિવસ દર્શાવી ટી આર પી પાછળ દોડતી ટીવી ચેનલો પણ કેમ ચૂપ ? અને જેના પર સમાજને માર્ગદર્શન આપવાની જવાબદારી છે તેવા મિડિયામાં પણ અમુક એકાદ બે પ્રતિષ્ઠિત વર્તમાનપત્રોને બાદ કરતાં બાકીનાં વર્તમાનપત્રો, કેમ આ માટે કોઈ ચર્ચા છેડતા નથી ? આ લોકોની જનજાગૃતિ અને સંસ્કૃતિની વાતો **અનુસંધાન પા.નં. ૬ ઉપર**

# ભારતીય શેર બજારમાં આક્રમક બનતી મંદીની ચાલ

વાંચક મિત્રો,

વિદેશી બજારોના મિશ્ર સંકેતો એફઆઈઆઈની ઉછાળે વેચવાલીની રણનીતિ થકી ગત સપ્તાહે ભારતીય શેર બજારમાં બંને બાજુની ચાલ જોવા મળેલ. ગત સપ્તાહના અંકમાં સ્પષ્ટ જણાવેલ કે સેન્સેક્સમાં એક મુખ્ય અવરોધ એટલે કે ૧૮૬૬૬ ઉપર જયાં સુધી બંધ ન આવે ત્યાં સુધી દરેક ઉછાળે મોટી વેચવાલી જોવા મળે અને તે મુજબ જ સેન્સેકસમાં સપ્તાહની બધી જ તેજી સપ્તાહના અંતમાં મોટા કડાકા સાથે ધોવાઈ ગઈ હતી. સાપ્તાહિક ચાર્ટ ઉપર સેન્સેક્સે સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે સેન્સેક્સમાં નજીકનો એક મુખ્ય સપોર્ટ તોડી તેના અંદર બંધ આપતા ઉછાળે વેચવાલીના સંકેતો આપે છે. જયારે ચાર્ટ ઉપર એક અવરોધ પાર કરતા મંદીમાં ન રહેવાની સલાહ આપે છે.

**રોકિંગ ટીપ્સ મેકર્સ**



**આશિષ નાયક**
**મો. ૯૩૭૬૯૮૮૭૬૫, ૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

**નિફ્ટી ટેકનીકલ્સ (૫૩૯૫.૭૫) :**

સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફ્ટી રાઈઝીંગ વિડ્થ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જે નિફ્ટીમાં એક મુખ્ય ટેકો તુટતા અને તેની અંદર બંધ આપતા નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટની નરમાશના સંકેતો આપે છે. ટેકનીકલ ટુલ્સ તપાસતા નિફ્ટીમાં આગામી સપ્તાહે સામાન્ય રિકવરી જોવા મળી શકે છે. ગત સપ્તાહે સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે નિફ્ટીમાં એક મુખ્ય અવરોધ એટલે કે ૫૫૫૬ આસપાસ મંદીની પોઝીશન બનાવી શકાય અને તે મુજબ જ નિફ્ટીએ ૫૫૫૬ પાર ન કરેલ અને સપ્તાહના છેલ્લા દિવસે જ ૫૫૫૧ના હાઈ થી ૫૩૮૦ના લો સાથે ૧૬૧ પોઈન્ટની કમાણી કરાવી આપેલ છે. નિફ્ટી અમારા મુખ્ય અવરોધ થી બે વખત પાછી ફરેલ છે જે મુજબ નિફ્ટીમાં ૩૦૦ પોઈન્ટ ઉપરની કમાણી થઈ. ૫૫૫૬નું લેવલ અમોએ અમારા વાંચક મિત્રોને જણાવેલ હતું. છ માસિક ચાર્ટ ઉપર પણ નિફ્ટી રાઈઝીંગ વિડથ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે. જે નિફ્ટીમાં મુખ્ય અવરોધ પાન કરતા ઉછાળે આક્રમક વેચવાલીના સંકેતો આપે છે.

**લાંબાગાળાના રોકાણકારો માટે**

**ધનલક્ષ્મી બેંક (બીએસઈ કોડ ૫૩૨૧૮૦) (૧૦૫.૦૦) :**

થરૂર (કેરાલા) સ્થિત બેંકની સ્થાપના ૧૯૨૭માં કરવામાં આવી હતી. પ્રાઈવેટ બેંકિંગ સેકટરની આ બેંક પર્સનલ બેંકિંગ, કોર્પોરેટ બેકિંગ, એનઆરઆઈ બેંકિંગ, માઈક્રો એગ્રિ બેંકિંગ અને ફાઈનાન્સિયલ પ્લાનિંગના વ્યવસાય સાથે સંકળાયેલ છે. બજાજ એલાયન્ઝ બેંકનું ઈન્સ્યુરન્સ પાર્ટનર છે. બેંક વર્તમાનમાં રૂા. ૧૨૦૦૦ કરોડનો બિઝનેસ જયારે દેશમાં કુલ ૨૭૪ શાખાઓ ધરાવે છે. જ્ઞાનેન્દ્ર નાથ બાજપાય કંપનીના વર્તમાન ચેરમેન જયારે અમિતાભ ચતુર્વેદી કંપનીના એમડી છે. તારીખ ૧૭-૧-૨૦૧૧ના અંકમાં આપેલ ભલામણ ફોર્ટીસ હેલ્થકેરે આટલા તુટતા બજારમાં પણ રૂા. ૧૩૦ થી રૂા. ૧૪૨ના ઉછાળા સાથે ૯ ટકા ઉપર વળતર આપેલ છે.

જેમાં લાંબાગાળાના રોકાણકારોએ એ રોકાણ જાળવી રાખવું. ફોર્ટિસમાં એક મુખ્ય ટેકા આસપાસ રોકાણ કરી શકાય. જયારે ત્રિમાસિક ચાર્ટ ઉપર એક મુખ્ય અવરોધ પાર કરતા મજબુત ઉછાળો મધ્યમ ગાળામાં જોવા મળે.

ધનલક્ષ્મી બેંકના શેરની વર્તમાન બુકવેલ્યુ રૂા. ૯૬.૪૩ છે જે વર્તમાન બજાર ભાવ આસપાસ છે જયારે ફેસવેલ્યુ રૂા. ૧૦ છે. શેરનો વર્તમાન પીઈ રેશિયો ૪૪.૦૨ ટકા છે જે ઈન્ડસ્ટ્રીયલ પીઈ રેશિયો ૨૬.૨૮ ટકાથી થોડાક અંશે ઉપર છે. બેંકે ચાલુ સમયગાળા માટે ૨.૪૧ ટકાના દરે ઈપીએસ દર્શાવેલ છે. જયારે કંપની દર વર્ષે ૧૦ ટકા ઉપર પણ ડિવિડન્ડ આપે છે. બેંકના વાર્ષિક ગાળાના પરિણામો મધ્યમ જયારે ત્રિમાસિક ગાળાના પરિણામો આકર્ષક આવેલ છે. ત્રિમાસિક દ્રષ્ટિએ બેંકે સપ્ટેમ્બર ૨૦૧૦માં રૂા. ૧૯૨.૧૧ કરોડના વેચાણો ઉપર રૂા. ૧.૬૨ કરોડ નેટ નફો જયારે રૂા. ૧૦૬.૭૨ કરોડના ઓપરેટિંગ પ્રોફીટ બતાવેલ જે ડિસેમ્બર ૨૦૧૦માં વધીને વેચાણો રૂા. ૨૪૯.૮૭ કરોડ ઉપર રૂા. ૭.૨૬ કરોડ નેટ નફો જોરદાર ઉછાળા સાથે જયારે રૂા. ૧૫૨.૬૮ કરોડ ઓપરેટિંગ નફો દર્શાવેલ છે. બેંકના છેલ્લા વર્ષના તમામ કવાર્ટસના પરિણામો સુધારાજનક રહેલ છે તે જોતાં આગામી સમયમાં પણ બેંકની સુંદર કામગીરી વડે શેરમાં મધ્યમથી લાંબાગાળાનું રોકાણ લાભદાયી નીવડી શકે છે.

**ટેકનીકલી ચાર્ટ (ધનલક્ષ્મી બેંક) :**

ટેકનીકલી ચાર્ટ ઉપર શેર સપ્તાહના અંતે અને માસિક ચાર્ટ ઉપર સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં એક મુખ્ય અવરોધ પાર કરતાં સામાન્ય નરમાશના સંકેત આપે છે. સાપ્તાહિક ચાર્ટ ઉપર શેર સાયમેટ્રિક ટ્રાયેંગલ ઈન અપટ્રેન્ડની રચના બનાવે છે. જે શેરમાં એક મુખ્ય ટેકા આસપાસ મધ્યમથી લાંબાગાળાનું રોકાણ કરવાના સંકેતો આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર રાઈઝીંગ વિડ્થ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં એક મુખ્ય અવરોધ પાર કરતા નવી તેજીની ચાલના સંકેત આપે છે. શેરમાં ૩૦ ડીએમએ મુખ્ય અવરોધ ગણી શકાય. ટેકનીકલી તપાસતા શેરમાં નજીકના મુખ્ય બે સપોર્ટના તબક્કામાં રોકાણ કરવાથી ૮૮ ટકાનું વળતર લાંબાગાળા માટે મળી શકે છે. જયારે ત્રિમાસિકગાળાના ચાર્ટ તપાસતા એક મુખ્ય અવરોધ ઉપર બંધ આવતા શે ર ૬૩ ટકા ઉપરનો ઉછાળો મધ્યમથી લાંબાગાળે જોવા મળે. લાંબાગાળાના રોકાણકારોએ ઘટાડે મર્યાદીત માત્રામાં રોકાણ કરવું.

# નિફ્ટીનો ટેકો ૫૩૦૦ થી ૫૨૧૦, પ્રતિકારક સપાટી ૫૪૮૦ થી ૫૫૬૦

**ટેકનીકલ ટ્રેન્ડ**



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE : www.stockacademy.co.in**

**૦૪ ફેબ્રુઆરી ૨૦૧૧ શુક્રવાર**

નિફ્ટીનો ટેકો ૫૩૦૦ થી ૫૨૧૦, પ્રતિકારક સપાટી ૫૪૮૦ થી ૫૫૬૦ છે. જો તે ૫૫૬૦ ઉપર ટકી રહેશે તો પછી ૫૭૨૦ ની સપાટી દર્શાવી શકે. એકંદરે બજાર નબળું છે પરંતુ થોડી બુલ રેલી જોવા મળી શકે, ૫૬૮૦ની સપાટીની આસપાસ લોગ પોઝીશનમાં શોર્ટ કવરીંગ કરવા માટે અમારી ખાસ ભલામણ છે. નિફ્ટી ૫૬૮૦ ઉપર ટકી રહેવી ખૂબ કઠીન જણાય છે.

## પોઝીશનલ ખરીદવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| HCL TECH | 475 | 470 | 510 |
| IDFC | 135 | 130 | 155 |
| ITC | 150 | 145 | 165 |
| HERO HONDA | 1510 | 1490 | 1650 |
| IVRCL INFRA | 72 | 70 | 100 |
| KOTAK BK | 360 | 355 | 400 |
| RCOM | 114 | 110 | 130 |
| RCAPITAL | 492 | 485 | 550 |
| CENTURY TEXT | 310 | 300 | 350 |

## વેચવા માટેના કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| CAN BK | 570 | 600 | 510 |
| IFCI | 56 | 60 | 45 |
| IOC | 325 | 330 | 300 |
| IOB | 127 | 132 | 115 |

# બજારોમાં એફઆઈઆઈ વેચવાલ

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૮૦૦૮.૧૫) અને નિફ્ટી (૫૩૯૫.૭૫) બંન્ને ૨.૧૧ ટકા અને ૨.૦૧ ટકા ઘટીને બંધ આવ્યા હતા.

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો. ૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

નિફ્ટી ફયુચર ફેબ્રુઆરી ૧૪.૭૫ પોઈન્ટના ડીસ્કાઉન્ટમાં હતો. નિફ્ટી ફેબ્રુઆરી ૫૫૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૭૬૦૦ **તથા રેજીસ્ટન્સ** ૧૮૪૦૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૨૭૦ અને **રેજીસ્ટન્સ** ૫૫૨૦ નો છે.

આવનાર સપ્તાહે એમઆરપીએલ, પુંજ લોઈડ, પીટીસી, પાવર ગ્રીડ, કેઈર્ન ઈન્ડિયા, એચપીસીએલ ત્રીજા કવાર્ટર ના પરિણામો જાહેર કરશે. આ મહિને સરકાર બજેટ રજૂ કરશે.

એસબીઆઈ અને ટાટા મોટર્સ ના ઓપન ઈન્ટરેસ્ટમાં ફેબ્રુઆરી સિરીઝમાં રસ જોવાયો હતો. ટાટા મોટર્સ ના ફેબ્રુઆરી ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૨૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. યુનિટેક નાં કોલ ઓપ્શનમાં ફેબ્રુઆરી માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૦ પણ જોવા મળેલ છે.

**ફયુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. રિલાયન્સ (૯૧૭)** લોટ સાઈઝ ૨૫૦ શેર

● ફેબ્રુઆરી માસના સ્ટ્રાઈક ભાવ ૯૨૦ થી ૨૪.૫૦ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.

● ફેબ્રુઆરી માસના ૯૪૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૧૫.૩૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૨૪.૫૦ ★ ૨૫૦ = ૬૧૨૫.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૧૫.૩૦ ★ ૨૫૦ = ૩૮૨૫.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૬૧૨૫.૦૦ - ૩૮૨૫.૦૦ = ૨૩૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૯૪૦ - ૯૨૦ = ૨૦ ★ ૨૫૦ = ૫૦૦૦ - ૨૩૦૦.૦૦ = ૨૭૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૨૩૦૦.૦૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૯૨૯.૨૦

**૨. પાવર ગ્રીડ (૯૭.૦૫) :** ફેબ્રુઆરી માસ ફયુચર લોટ સાઈઝ ૨૦૦૦ શેર

● રૂ. ૯૭.૦૫ ના ભાવથી ફેબ્રુઆરી માસ ફયુચરનો એક લોટ ખરીદો.

● **વેચો એક કોલ ઓપ્શન** : ફેબ્રુઆરી માસ સ્ટ્રાઈક ભાવ ૧૦૦ થી રૂ.૦.૮૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૦.૮૫ ★ ૨૦૦૦ = ૧૭૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૦૦ - ૯૭.૦૫ = ૨.૯૫ ★ ૨૦૦૦ = ૫૯૦૦.૦૦ + ૧૭૦૦.૦૦ = ૭૬૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. દિવીસ લેબ.** (૬૬૧) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. ચંબલ ફર્ટીલાઈઝર** (૭૫.૬૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

# વ્યૂહરચના શું છે ?

જયારે શેર બજારમાં રોકાણ કરવા માટે કોઈ આવે છે ત્યારે રોકાણકારે એ બાબત જાણવી જોઈએ કે કયારે શેર ખરીદવા અને કયારે તેને વેચવા. વ્યૂહરચના એ બીજું કંઈ નથી પરંતુ તે એક પધ્ધતિ છે, નિયમો છે કે જેમાં લાગણીઓ અને વાતાવરણની કોઈ પણ ડખલ વગર ટ્રેડીંગ કરવા માટેની એક વ્યૂહ રચના છે.

મોટા ભાગના નાણાકીય એનાલીસ્ટો તેમના ગ્રાહકોને ખરીદવાની અને રાખી મૂકવાની સલાહ આપે છે. જેમાં રોકાણકારને શેર ખરીદવાનો અને લાંબા સમય સુધી જાળવી **અનુસંધાન પા.નં. ૭ ઉપર**

**આગામી સપ્તાહમાં કેશ નિફ્ટીની અપેક્ષા**

**તા. ૦૭/૨/૨૦૧૧ થી ૧૪/૨/૨૦૧૧**

નિફ્ટી હાલની સપાટી ૫૩૯૫, લક્ષાંક ૫૨૦૦-૫૧૫૩ માટેનો પ્રથમ ટેકો ૫૩૬૫-૫૩૪૦, લક્ષાંક ૫૬૦૦-૫૬૨૦ માટેની પ્રથમ પ્રતિકારક સપાટી ૫૫૧૫-૫૫૨૫. વેચવાલીનો ત્રીજો રાઉન્ડ પણ આવશે, નિફ્ટી ૫૩૫૦ નીચે બંધ આપી શકે.

આ સપ્તાહે લોંગની કોઈ સ્ક્રીપ્ટ નથી.

**લર્ન એન્ડ ટ્રેડ**



**એ. શીવા**
**મો. ૯૬૦૦૪૮૮૧૩૬**
**Email :tipssbsense_er@yahoo.co.in**
**http:// www.tipssbsense.blogspot.com**

**ATTENTION**

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra JoshiEditor,
The Economic Revolution.

**ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

# એફ આઈ આઈ દ્વારા રેડ ફલેગ અમારી છેલ્લી આશા ૫૩૦૦

**તા. ૦૭ ફેબ્રુઆરી થી ૧૧ ફેબ્રુઆરી**
**નિફટી સાપ્તાહિક બંધ : ૫૩૯૬**
**(ગત સપ્તાહે ૫૫૧૨)**

સોમવારે બજારની શરૂઆત સાપ્તાહિક ટ્રેન્ડ પોઈન્ટ ૫૫૪૦ નીચે થઈ અને પછી અડધા સેશન પછી મ્યુચ્યુઅલ ફંડની ખરીદીને કારણે બજારમાં વૃધ્ધિ જોવા મળી. મંગળવારે, વેચવાલી ચાલુ રહી અને બજારે ૫૪૦૦ ની સપાટી દર્શાવી. બુધવારે, ગુરવારની પુલબેક રાઈઝ (વૃધ્ધિ), શુક્રવારની મજબૂત વોલ્યુમ સાથેની વેચવાલીને કારણે ધોવાઈ ગઈ, અને બજારે વર્ષની નવી નીચી સપાટી દર્શાવી. હવે ૫૦૦ એમ એ નો ટેકો ૫૧૫૦ છે. તે ઉપર આપણો વાર્ષિક ટેકો ૫૩૦૦ છે. આ સપ્તાહ ૧૨૦ પોઈન્ટના ઘટાડા સાથે બંધ આવ્યું. ૨૦૦૮ના કડાકામાં બજારે ૫૦૦ દિવસની મુવીંગ એવરેજ પર ટેકો લીધેલ હતો, જે હવે ૩૫૦૦ છે. આ નીચે લાંબા ગાળાની મંદીનો સમય, જે આપણા વાર્ષિક સ્ટોપલોસ ૫૩૦૦ નીચે શરુ થાય છે, જે અનુમોદન મળશે.

હવે અમારી ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર માટેની ૧૫ વિવિધ હીન્ટમાંથી ૧૪ હીન્ટ મંદી મય છે માત્ર ૫ નિફટીના શેર તેમના મધ્યમ ગાળાના ટેકા ઉપર હકારાત્મક ટ્રેડ થઈ રહેલ છે. ૩૨ નિફટી શેર તેના ૫૦૦ ડી એમ એના લાંબા ગાળાના ટેકા ઉપર છે. વાચકો નિફટીના ઈ ઓ ડી ટેકનીકલ ચાર્ટ અને એન એસ ઈ / બી એસ ઈ સ્ટોકસ મોબાઈલ પર અને મારી સાઈટ પર જોઈ શકે છે.

**નિફટી સૂત્ર**



દિનેશ એ. ઠાકુર
મો. ૯૮૨૨૦૫૦૯૪૯
dinuthakur@gmail.com
blog site– http://dinuthakur.blogspot.com

**નિફટી સ્ટોકસ માટેની ટૂંકા ગાળાની રૂખ અને રિવર્સલ લેવલનીચે મુજબ છે.** તેનો ઉપયોગ વ્યાપારમાં દાખલ થવા અથવા બહાર નિકળવા બે તબક્કામાં કરો.

| Trend | STOCK | Trend Reversa |
|---|---|---|
| UP* | HCL Tech | 460, 440 |
| UP* | Hindalco | 220,200 |
| UP* | Tata Steel | 630,600 |
| UP* | TCS | 1180,1080 |
| UP* | Siemens | 820,810 |
| DOWN* | Infosys Tech | 3160,3240 |
| DOWN* | Sesa Goa | 335,350 |
| DOWN* | ACC | 1230,1250 |
| DOWN* | Ambuja Cem | 130,135 |
| DOWN* | Axis Bank | 1280,1340 |
| DOWN* | Bajaj Auto | 1340,1370 |
| DOWN- | Bharti Airtel | 335,340 |
| DOWN- | BHEL | 2240,2340 |
| DOWN* | BPCL | 650,670 |
| DOWN* | Cairn | 325,330 |
| DOWN* | Cipla | 335,345 |
| DOWN- | DLF | 260,300 |
| DOWN* | Dr. Reddy | 1640,1680 |
| DOWN* | GAIL | 470,480 |
| DOWN* | HDFC | 640,670 |
| DOWN* | HDFC Bank | 2160,2180 |
| DOWN- | Hero | 1800,1820 |
| DOWN* | HUL | 280,295 |
| DOWN* | ICICI Bank | 1010,1070 |
| DOWN- | IDFC | 165,180 |

| Trend | STOCK | Trend Reversa |
|---|---|---|
| DOWN* | ITC | 160,165 |
| DOWN* | Jindal S&P | 670,680 |
| DOWN- | JPAssociate | 100,110 |
| DOWN- | Kotak Bank | 420,430 |
| DOWN- | LT | 1780,1820 |
| DOWN* | Mah & Mah | 740,750 |
| DOWN- | Maruti | 1320,1350 |
| DOWN- | NTPC | 190,200 |
| DOWN* | ONGC | 1250,1300 |
| DOWN* | PNB | 1140,1160 |
| DOWN- | Power Grid | 98,99 |
| DOWN* | Ranbaxy | 560,570 |
| DOWN- | RCom | 130,150 |
| DOWN- | Reliance | 990,1020 |
| DOWN- | RIL Capital | 610,710 |
| DOWN- | RIL Infra | 780,860 |
| DOWN- | RPower | 150,160 |
| DOWN* | SAIL | 175,190 |
| DOWN* | SBIN | 2700,2740 |
| DOWN* | Sun Pharma | 430,460 |
| DOWN- | Sterlite | 170,175 |
| DOWN- | Suzlon | 52,54 |
| DOWN* | Tata Motors | 1200,1250 |
| DOWN- | Tata Power | 1300.1320 |
| DOWN* | Wipro | 450,455 |

* **૫૦૦ એમ એ ઉપરના શેર**

**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૫૧૨૦ – ૫૭૨૦, વચ્ચે રહેશે.એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૪૨૦ (જેમાં સપ્તાહ દરમ્યાન ટ્રેન્ડ પોઈન્ટને અપડેટ કરવા માટે સાપ્તાહિક આવક / નુકશાનના ૨૫ ટકા વધારો અથવા ઘટાડો ધ્યાનમાં લો.) તેમ જ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટેનો ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦ દિવસની ઈ એમ એ સપાટી ૫૬૨૦(-૧૨૦), ૫૭૭૦(-૮૦), ૫૮૦૦(-૪૦), ૫૬૪૦(-૧૦)

ઘટાડા સમયે ટ્રેડર્સે ટ્રીગર લેવલ પર તેમની લોંગ પોઝીશનમાંથી નિકળી જવું જોઈએ. આ પછી ફરી ટ્રીગર સપાટીએ અથવા તો નીચેની સપાટીએ વ્યાપારમાં દાખલ થવું જોઈએ. આ રીતે, ટ્રીગર તમારું રક્ષણ કરવામાં, વધુમાં વધુ નફો કરવામાં અને તમારી પોઝીશન જાળવી રાખવામાં મદદરૂપ નિવડશે.

**નિફ્ટી** જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ -નીચે, ૫૫૦૦, ૯૦ મીનીટ - નીચે, ૫૭૦૦, દૈનિક - નીચે ૬૦૦૦, સાપ્તાહિક - ફ્લેટ ૫૯૦૦,

## દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | DOWN | 5500 | 5430* | +100 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | DOWN | 6060 | 5500* | +660 |
| Short term | Bi-weekly | 20 (1) | DOWN | 6060 | 5620* | +660 |
| Medium term | Monthly | 20 (1-0.8) | DOWN | 6000 | 5660* | +600 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | DOWN | 5850 | 5730* | +460 |
| Long Term | Yearly | 10 (-0.8) | Neutral | 3670 | 5300/5770** | +2000 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે. ટ્રેડર્સે ટ્રીગર પોઈન્ટ નીચે વ્યાપારમાંથી બહાર નિકળી જવું અથવા તો નીચેના ટ્રીગર પોઈન્ટે વ્યાપારમાં દાખલ થવું. જો બજાર રોજીંદા સ્ટોપલોસ કરતાં ૩૦ મીનીટ સુધી નીચેની સપાટીએ ટ્રેડ થાય તો રિવર્સ ટ્રેન્ડ ગણવો.

પોઈન્ટ બ્લેન્ક પા.નં. ૧ નું ચાલુ

જો કે આ કંપનીના કવાર્ટર ૩ ના પરિણામો સારા નથી આવ્યા પરંતુ આ કંપનીનો બાવન સપ્તાનો લો ૨૩.૪૫ છે. અને ઘટાડામાં ૨૨.૫૦ ના લેવલથી ખરીદી કરી શકાય અને તેનાથી જે બાવન સપ્તાહનો લો બને તેને સ્ટોપલોસ ગણી ૨૬-૨૮ સુધી ટાર્ગેટ રાખી શકાય.

**સુઝલોન એનર્જી :**

**બંધ ૪૮**

સુઝલોન એનર્જીના કંસોલિડેટ ખોટ ઓક્ટોબર - ડીસેમ્બર ૨૦૧૦ ના ત્રણ મહિનામાં ૨૫૩.૫૭ રહ્યો છે.પાછલા ઓક્ટોબર - ડીસેમ્બર ૨૦૦૯ના ત્રિમાસિક ગાળામાં ૧૪.૧૦ કરોડનો નફો થયો હતો. જયારે પાછલા વર્ષના આ જ સમયગાળામાં ૫૬૨૫.૯૦ કરોડનો હતો. આ ત્રિમાસિક ગાળાનાં આંકડા પાછલા ત્રિમાસીક ગાળા કરતા ઓછા છે અને આ કંપનીને કવાર્ટર ૩માં ૨૫૩.૫૭ કરોડની ખોટ દર્શાવી છે. આ કંપનીના ફન્ડામેન્ટલ પણ સારા નથી તેથી રોકાણકારોએ ઉછાળે વેચવા પર ધ્યાન રાખવું જોઈએ. હાલ ૪૮ પર બંધ આ શેરમાં ઉછાળે ૫૦-૫૧ જો આવે તો ફ્યુચરમાં શોર્ટ કરવા ભલામણ છે. અને ૫૩.૫૦નો સ્ટોપલોસ રાખી ૪૩-૩૮નો ટાર્ગેટ રાખી શકાય.

**સિપ્લા**

**બંધ : ૩૨૪**

ફાર્મા સેક્ટર સાથે સંકળાયેલ આ કંપનીનો બાવન સપ્તાહનો હાઈ ભાવ ૩૮૦.૮૦ છે ત્યાંથી આ કંપનીનો શેર ઘટતો આવ્યો છે અને શુક્રવારના અંતિમ દિવસે આ શેર પાંચ ટકાનો ઘટાડો દર્શાવ્યો છે. કંપનીના ૨૦૧૦-૨૦૧૧ના ત્રિમાસિક ગાળાના પરિણામો નફામાં ૧૯.૪ ટકાનો ઘટાડો થયો છે. કંપનીને આ ત્રિમાસિક ગાળામાં ૨૩૩ કરોડનો પ્રોફીટ થયો હતો જયારે પાછલા વર્ષના ત્રિમાસિક ગાળામાં કંપનીને ૨૮૯ કરોડનો પ્રોફીટ થયો હતો. તેથી નફામાં ઘટાડો દર્શાવે છે. તેથી રોકાણકારોએ ઉછાળે વેચવા તરફી ધ્યાન આપવું. લાંબાગાળા માટે શેર સારો છે પરંતુ થોડું કન્સોલીડેશન થયા પછી દરેક ઘટાડે ખરીદી શકાય. ટૂંકાગાળા માટે આ શેરમાં ઉછાળે ૩૨૫- ૩૩૦ નો ઉછાળો આવે તો ૩૩૫નો સ્ટોપલોસ રાખી ૩૧૨-૩૦૫ સુધીનો ટાર્ગેટ રખી શકાય. અને ૩૦૭નો બાવન સપ્તાહનો લો તોડીને બંધ આપે તો તેમાં વધુ ખરાબી આવી શકે અને તેનો ભાવ ૨૯૦ સુધી પણ ઘટી શકે છે.

**ક્યુમિન્સ ઈન્ડિયા**

**બંધ : ૬૪૮**

એન્જિનિયરિંગ અને ઓઈલ સેક્ટર સાથે સંકળાયેલ કંપનીના ડીસેમ્બર ૨૦૧૦ના અંતમાં વેચાણ ૯૯૨.૫૨ કરોડ અને નેટ પ્રોફીટ ૧૩૮.૯૦ કરોડ થયો હતો. અને ૨૦૦૯ના ડીસેમ્બરના અંતમાં વેચાણો ૮૨૭.૮૬ કરોડ અને નેટ પ્રોફીટ ૧૪૮.૧૬ કરોડ હતું. તેથી ક્યુમિન્સ ઈન્ડિયાનો નફો વધ્યો છે અને વેચાણ પણ વધ્યું છે તેથી શુક્રવારના રોજ આ સ્ટોકમાં પાંચ ટકાનો ઘટાડો થયો છે હવે રોકાણકારોએ દરેક ઘટાડે ખરીદી કરવી હિતાવહ રહેશે. ૬૪૦-૬૩૦ના ઘટાડામાં આ સ્ટોક ખરીદો અને ૬૨૦નો સ્ટોપલોસ રાખી ૬૮૦-૭૦૦ સુધીનો ભાવ આવી શકે છે.

# ૫૩૫૦ નીચે ૫૩૨૪, ૫૩૦૦, ૫૨૭૦ ૫૪૪૫ ઉપર ૫૫૧૩, ૫૫૪૯, ૫૫૮૦

ગયા સપ્તાહે સ્પષ્ટ જણાવેલ કે ૫૬૨૮ ઉપર જ તેજી જોવા મળે. જે કૂદાવવામાં નિફ્ટી ફ્યુચર નિષ્ફળ રહેલ. નીચામાં જણાવેલ કે, ૫૪૭૦ નીચે ૫૪૦૦ જોવા મળે બરાબર તે જ પ્રમાણે દરેક ઉછાળે જોરદાર અને અંધાધુંધ વેચવાલીને હિસાબે ૫૪૭૦ નીચે ૫૩૫૬.૫૦નો લો જોવાયેલ. તે ફક્ત માહિતી માટે જ.

**બ્રેક આઉટ અનુસાર સ્ટોક સ્પેસીફિક વેપાર ગોઠવી નફો બુક કરતા રહેવું**

ગયા સપ્તાહની સ્ટોક ફ્યુચરની ભલામણોમાંથી આઈસીઆઈસીઆઈ બેંક ૧૦૨૩ વાળો ૧૦૩૮, સેસાગોવા ૩૩૦ વાળો ૩૩૪, વેલકોર્પ ૧૫૦ વાળો ૧૬૨, અને ડિલેવરીમાંથી વિજયા બેંક ૯૦ વાળો ૯૨, સ્ટર લાઈટ ૧૬૭ વાળો ૧૭૫, ચંબલ ફર્ટીલાઈઝર ૭૧ વાળો ૭૭, પેટ્રોનેટ ૧૨૬ વાળો ૧૩૧, રિલાયન્સ ૯૧૪ વાળો ૯૪૮ જેવા ભાવો જોવાયેલ હતા તે માહિતી માટે ફક્ત.

★ **નિફ્ટી ફ્યુચર (૫૩૮૭.૦૦) :-** ૫૩૫૦ નીચે ૫૩૨૪, ૫૩૦૦, ૫૨૬૦ જોવા મળે. ૫૪૪૫ ઉપર ૫૫૧૩, ૫૫૪૯, ૫૫૮૦ જોવા મળે. વાંચનારે અંગત કેપેસિટી/જોખમાનુસાર બ્રેક આઉટ સાઈડ જ વેપાર ગોઠવવો હિતાવહ.

★ **હોટ પોઝીશનલ ફ્યુચર્સ સ્ટોકસ**

**(૧) એસ. કુમાર (૬૮.૬૫) :-** રૂ.૬૩ સ્ટોપલોસ... નજીકમાં જ ૭૭ થી ૮૪

**(૨) ચંબલ ફર્ટી. (૭૫.૪૫) :-** રૂ. ૭૧ સ્ટોપલોસ... નજીકમાં જ ૮૧ થી ૮૬.

**(૩) નાગાર્જુન ફર્ટી. (૨૯.૨૦) :-** રૂ.૨૭ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૨ થી ૩૬.

**(૪) વેલકોર્પ (૧૫૯.૨૦૦) :-** રૂ.૧૫૨ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૭૦ થી ૧૮૦.

**(૫) એમઆરપીએલ (૬૭.૯૫) :-** રૂ.૬૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૭૫ થી ૮૨.

★ **હોટ વીકલી સ્ટોક ફ્યુચર :-**

**(૧) સેસાગોવા (૩૧૯.૫૫) :-** રૂ.૩૦૮ સ્ટોપલોસ... નજીકમાં જ ૩૩૪ થી ૩૪૭.

**(૨) આર. પાવર (૧૨૯.૩૫) :-** રૂ. ૧૨૫ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૩૭ થી ૧૪૫.

**(૩) રિલાયન્સ (૯૧૯.૪૫) :-** રૂ.૮૯૦ સ્ટોપલોસ... નજીકમાં જ ૯૪૮ થી ૯૮૮.

**(૪) ઓએનજીસી (૧૧૮૦.૬૫) :-** રૂ.૧૧૪૧ સ્ટોપલોસ... નજીકમાં જ ૧૨૩૨ થી ૧૨૬૪.

**(૫) ડીએલએફ (૨૩૪.૩૦) :-** રૂ.૨૧૪ સ્ટોપલોસ... નજીકમાં જ ૨૪૭ થી ૨૬૪.

★ **હોટ ડિલેવરીબેઈઝ રોકાણ**

**(૧) ડેલ્ટા કોર્પ (૫૩૨૮૪૮) (૭૩.૨૦) :** નજીકમાં જ ૮૨ થી ૯૧.

**(૨) આરઈઆઈ એગ્રો. (૫૩૨૧૦૬) (૨૫.૯૫) : -** નકજીકમાં જ ૨૯ ઉપર ૩૨ થી ૩૫.

**(૩) ઈન્ડિયા ગ્લાયકોલ (૫૦૦૨૦૧) (૧૩૨.૨૫) : -** નજીકમાં જ ૧૪૦ થી ૧૫૩..

**બાજ નજરે**



પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com

**(૪) બાલાસોર (૫૧૩૧૪૨) (૨૩.૬૦) : -** નજીકમાં જ ૨૭ થી ૩૨.

**(૫) સુપર સ્પિનિંગ (૫૨૧૧૮૦) (૧૩.૦૫) : -** નજીકમાં જ ૧૭ થી ૨૩.

**(૬) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૩૪) : -** નજીકમાં જ ૩૭ થી ૪૧.

**(૭) એસઈએલ એમસીએલ (૫૩૨૮૮૬) (૧૯.૨૦) : -** નજીકમાં જ ૨૭ થી ૨૮.

**(૮) એસ્ટ્રામાઈક્રો (૫૩૨૪૯૩) (૪૪.૭૦) : -** નજીકમાં જ ૫૦ થી ૫૭.

**(૯) એડલવેઈઝ (૫૩૨૯૨૨) (૩૭.૨૦) : -** નજીકમાં જ ૪૧ થી ૪૬.

**(૧૦) આરબીએન (૭૨.૨૫) : -** નજીકમાં જ ૮૨ થી ૯૫.

# ઘટાડો આવી શકે તેવી છ કંપનીઓ

નમસ્કાર મિત્રો,

હાલના કરેક્શન દરમ્યાન નીચેની છ જેટલી કંપનીના શેર વધારે ઘટાડો બતાવે તેવી સંભાવના છે.

**પેનિક એન્ડ પ્રોફીટ**



નિશેષ એમ. જાની
મો. ૯૩૭૬૮૫૮૨૮૪

**૧. હીરો હોન્ડા**



અઠવાડીક ચાર્ટ પર હેડ એન્ડ સોલ્ડરની રચના છે. સતત ત્રણ દિવસ અને અઠવાડીક બંધ ૧૪૯૮૫ની નીચે આવતા ભાવ ૯૫૦-૮૦૧ જોવા મળે.

**૨. વ્હર્લ પુલ**

અઠવાડીયક ચાર્ટ પર રાઉન્ડિંગ ટોપની રચના છે. સતત ત્રણ દિવસ અને



અઠવાડીક બંધ ૨૨૦ની નીચે આવતા ભાવ ૧૨૭ જોવા મળે

**૩. જ્યોતિ લેબ.**

અઠવાડીક ચાર્ટ પર રાઉન્ડિંગ ટોપની રચના છે. સતત ત્રણ દિવસ અને



અઠવાડીક બંધ ૨૪૧ ની નીચે આવતા ૧૭૬ જોવા મળે.

**૪. આઈડીએફસી**

અઠવાડીક ચાર્ટ પર ડબલ બોટમ બ્રેક આઉટ છે. સતત ત્રણ દિવસ અને અઠવાડીક બંધ ૧૩૬ નીચે આવતા ૯૦ જોવા મળે.

**૫. હનુંગ ટોયસ**

દૈનિક ચાર્ટ પર ટ્રાયેંગલરની રચના



છે. ૧૩૦ જોવા મળે

**૬. ટાટા ગ્લોબલ**

દૈનિક ચાર્ટ પર હેડ એન્ડ સોલ્ડર્સની



રચના છે. આવનારા દિવસોમાં ૬૫ જોવા મળે.

# માર્કેટ ટ્રેન્ડ

માર્કેટે ગયા અઠવાડીયામાં સ્ટેબિલાઈઝ થવાની કોશિશ કરી પણ શુક્રવારે ન તો સેન્સેક્સ કે સેન્ટીમેન્ટ સુધર્યુ છે તેથી હવે બે જ વસ્તુ થઈ શકે છે કાં તો માર્કેટ કોન્સોલિડેશનમાં હોય અને જો તેમ હોય તો સોમવારથી જો તે ત્રણ ચાર દિવસ કે પાંચ દિવસ સુધી સતત માર્કેટ વધેતો કહી શકાય કે કંઈક સુધારો થયો છે નહીં તો હજુ મંદીની પકકડ મજબૂત છે. અને દરેકે દરેક માણસ હજુ મંદીમાં નથી ત્યાં સુધી મંદી જઈ શકે. અત્યારે બહુ જ વોલેટાલિટી છે. તેથી જો વધારે રિસ્ક લઈ લઈ શકતા હોય તો લોંગ અને શોર્ટની પોઝીશન લઈ શકાય. જ્યાં સુધી ઈન્વેસ્ટર સેન્ટીમેન્ટ ના બને ત્યાં સુધી ટ્રેડ જળવાઈ તો રહે. હજુ પણ મોટાભાગના સ્ટોકમાં કોઈ તેજીની નિશાની આવી નથી. ઉલટાનું જે સ્ટોક ટ્રેન્ડમાં હતા જેમ કે ટીસીએસ અને ઈન્ફોસીસ તેમાં ઘણું હજુ રિવર્સલ આવ્યું નથી તેથી થોડા સમય માટે ટ્રેડરોએ સંભાળવાનું રહેશે. ઈન્વેસ્ટ માટે ૨૫ ટકા સુધી જે સ્ટોક સ્ટ્રોંગ દેખાય તેમાં ખરીદી કરી શકાય. પણ સ્કેલિંગ તરીકે મની

**ટેકનીકલ એનાલીસીસ ફોર ફ્યુચર ટ્રેન્ડ**



ડો. ચંદ્ર વનવારી
મો. ૯૮૨૫૯૦૦૮૪૯
www.vccfuturetrading.com

મેનેજમેન્ટો હલ બાદ રાખવા જેવો છે. ધારો કે તમે ૭૦૦૦ જૈન ઈરીગેશનના સ્ટોક લેવાની ઈચ્છા રાખતા હોય તો (કારણ કે અત્યારે ઓવર સોલ્ડ છે.) તો ૨૦૦ શેર સોમવારે ખૂલતાં બજારે ખરીદી જેમાં ૧૬૦નો સ્ટોપલોસ રાખવો. પછી તે ૨૨૦ કુદાવે ત્યારે બીજા ૨૦૦ શેર લો જેમાં સ્ટોપલોસ ૧૮૦ નો રાખો અને ૨૦૦ કૂદાવે એટલે તે ડાઉન ટ્રેન્ડને બ્રેક કરી છે. તેવું કન્ફર્મેશન મળે. ૨૫૦ કૂદાવે અને ૨૫૦ની નજીક જેમ કે ૨૪૮ થાય ત્યારે બીજા ૪૦૦ શેર લો. કારણ કે ૨૫૦નું મોમેન્ટમ પણ થશે જે ૨૫૦ કૂદાવતા તેમાં તેજી લાવશે અને જ્યારે તે ૨૮ કૂદાવે એટલે કે ઓલ ટાઈમ હાઈ થાય તો તે ઓલ ટાઈમ હાઈને બ્રેક કર્યું કહેવાય. પછી પ્લેન જેમ ટેક ઓફ થયું હોય તેમ સિટબેલ્ટ ટાઈટ કરીને પકડી રહો અને નફાને સાક્ષી ભાવે જોતા રહો. જ્યાં સુધી તેમાં ફરી મંદીના લક્ષણો ના આવે અથવા તો સ્ટોક બહુ જ ઓવર બોટ થાય, જૈન ઈરીગેશનનો દાખલો એટલા માટે આપું છું કે અત્યારે તો હોટ સ્ટોક લાગે છે. કંપનીના ફન્ડામેન્ટલ પણ સારા છે. અને ટેકનીકલ એનાલિસીસ પણ સારું છે. જાણે કે માર્કેટ એક એવી તક આપી છે જેનો

અનુસંધાન પા.નં. ૭ ઉપર

ફ્રી ઈંગ્લીશ ઈ-પેપર વાંચવા માટે વિઝીટ કરો www.theeconomicrevolution.com

# ઓર્ચિડ કેમિકલ્સ

## આ કંપનીના શેર મધ્યમથી ટૂંકાગાળા માટે ખરીદી શકાય

**ઓર્ચિડ કેમિકલ્સ એન્ડ ફાર્મા લી.**
**ખરીદો રૂ. ૨૮૯**

**રિસર્ચ રિપોર્ટ**
**અભિષેક જૈન**
investment_guru1@yahoo.com
M : 98260-41144
www.stocksidea.com

**કંપનીનો પરિચય**

ઓર્ચિડ કેમિકલની સ્થાપના ૧૯૯૨માં ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમ તરીકે કરવામાં આવેલ હતી. કંપનીએ તેનું કાર્ય ફેબ્રુઆરી ૨૦૦૪માં શરૂ કરેલ, અને પછી તો આ કંપનીએ ખૂબ ઝડતી અને સારો વિકાસ સાધ્યો અને થોડા વર્ષના ગાળામાં ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપની તરીકે ઉભરી આવી. આ કંપનીમાં ૪૦૦૦ કર્મચારીઓ કાર્યરત છે. જેમાંના ૭૦૦ વૈજ્ઞાનિકો, ટેકનોલોજીસ્ટ અને બીજા પ્રોફેશન સાથે જોડાયેલા છે. આ કંપનીએ પ્રતિષ્ઠિત કંપનીઓ જેવી કે એપોટેક્ષ, પાર, એલફાર્મા, સ્ટાડાઅને માયને સાથે ઓર્ચિડનાં ઉત્પાદનો યુ એસ અને યુરોપનાં નિયંત્રિત બજારોમાં ડીસ્ટ્રીબ્યુટ કરવા માટે લાંબા ગાળાના કરાર કરેલ છે. ઓર્ચિડ નવી દવાઓના સંશોધન માટે તેના આર એન્ડ ડી સેન્ટર અને યુ એસ ની ગૌણ કંપની સાથે કાર્યરત છે અને નવાં સંશોધનોનો વ્યાપ વધારી રહેલ છે.

**ઉત્પાદનો અને સેવાઓ**

ઓર્ચિડ કેમિકલ વૈશ્વિક માન્યતા પામેલ, સુગ્રથિત ફાર્મ્યાસુટિકલ કંપની જે એકટીવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રીડીયન્ટ (એ પી આઈ) તેમ જ ફીનીશ્ડ ડોઝ ફોર્મસ તેમ જ ડ્રગ ડીસ્કવરીમાં હરિફાઈયુકત રીતે કાર્યરત છે અને વૈશ્વિક બજારોને કેન્દ્રમાં રાખીને આધુનિક શોધ અને સંશોસના માટે આ કંપની ખૂબ જ ઉત્તેજના અને સાતત્યપૂર્ણ રીતે કાર્યરત છે. આ રીતે તે શોધ અને સંશોધનની એક મૂલ્યવર્ધિત શ્રુંખલા સાથે વૈશ્વિકસ્તરની ફાર્માસ્યુટિકલ કંપની તરીકે ઉભરી રહેલ છે.

ફોર્મ્યુલેશનની દ્રષ્ટિએ જોઈએ તો આ કંપની એન્ટી ઈન્ફોમેટરી, એન્ટી ઓક્ષીડન્ટસ, એન્ટી યલસરન્ટ, સી એન એસ, સીવીએસ, ન્યુટ્રે સ્યુટિકલ અને ઓરલ એન્ટી ડાયાબીટીસ બનાવે છે. એપીઆઈ માટે કંપની પાસે બે ઉત્પાદન સુવિધાઓ છે. એકતો અલ્તુર જે ચેન્નાઈ પાસે છે અને બીજી ઔરંગાબાદ જે મુંબઈ પાસે છે, જયારે ડોજીસ ફોર્મ્સ માટે ઈરૂન્ગાટ્ટુકોટ્ટાઈ અને અલતુર ખાતે ત્રણ ઉત્પાદન એકમો છે. શોલીન્ગનાલેર, ચેન્નાઈ ખાતેના વિશ્વસ્તરના આર એન્ડ ડી સેન્ટર સાથે ઓર્ચિડ સુવીધા અત્યાધુનિક છે અને તેને કેટલિક આંતરરાષ્ટ્રિય માન્યતાઓ પણ પ્રપ્ત થયેલ છે જેમાં યુ એસ એફ ડી એ અને યુકે એમ એચ આર એ નો સમાવેશ થાય છે. ઓર્ચિડ એપી આઈ સુવિધા તેની ગુણવત્તા, પર્યાવરણ સુસંગત સંચાલન અને સ્વસ્થ કાર્યરીતી તેમ જ સુરક્ષિતતા માટે આઈ એસ ઓ સર્ટિફાઈડ છે.

આ કંપનીએ ચાઈના ખાતે સ્ટેરીલ એપી આઈના ઉત્પાદન માટે સંયુક્ત સાહસ રચેલ છે. આ કંપનીએ શોધ અને સંશોધન માટે અંતિમ તબક્કાનું અત્યાધુનિક માળખું તૈયાર કરેલ છે જેમાં તેની ગૌણ કંપનીઓ પણ ભૂમિકા ભજવે છે. ચેન્નાઈ ખાતે આવેલ ઓર્ચિડ રિસર્ચ લેબોરેટરીજ અને યુ એસ ખાતે આવેલ બેક્ષેલ ફાર્માસ્યુટિકલ્સનો પેમાં સમાવેશ થાય છે. અત્યાધુનિક માળખા અને સંરચનાના આધાર પર યોગ્ય મિશ્રણને કારણે ઓર્ચિડ કેટલાક થેરાપેટિક પ્રોગ્રામ્સ પર કાર્યરત છે જે હાલમાં એડવાન્સ સ્ટેને ટ્રાયલના સ્વરૂપમાં છે. આ કંપનીએ પ્રતિષ્ઠિત મલ્ટીનેશનલ કંપનીઓ સાથે પણ શોધ અને સંશોધન માટેના કરાર કરેલ છે.

**હાલનો વિકાસ**

જુલાઈ ૨૦૧૦, ઓર્ચિડ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સને યુ. એસ. ફૂડ એન્ડ ડ્રગ એડમીનીસ્ટ્રેશન (યુ એસ એફ ડી એ) પાસેથી તેની નવી સંશોધિત જીનેરિક દવા ગેમીફલોક્ષેસીન મેસીલેટ ટેબ્લેટ,

અનુસંધાન પા.નં. ૭ ઉપર

### ઓકટોબર - ડીસેમ્બર ૨૦૧૦ની નાણાકીય પરિસ્થિતિ

રુ. લાખમાં

| DESCRIPTION | AMOUNT (IN LAKHS) |
|---|---|
| Net Sales/Income from Operations | 42714.76 |
| Other Operating Income | 1915.16 |
| Increase/Decrease in Stock in trade and work in progress | -5023.71 |
| Consumption of Raw Materials | 24008.12 |
| Purchase of traded goods | 1275.68 |
| Employees Cost | 3566.64 |
| Depreciation | 3150.50 |
| Other Expenditure | 8633.95 |
| Total Expenditure | 35611.18 |
| Profit before Other Income, Interest & Exceptional Items | 9018.74 |
| Other Income | 2.99 |
| Profit before Interest & Exceptional Items | 9021.73 |
| Interest | 2679.02 |
| Profit after Interest but before Exceptional Items | 6342.71 |
| Exceptional items | -784.26 |
| Profit from Ordinary Activities before tax | 7126.97 |
| Tax Expense | 1870.36 |
| Net Profit from Ordinary Activities after tax | 5256.61 |
| Net Profit for the period | 5256.61 |
| Face Value (in ) | 10.00 |
| Paid-up Equity Share Capital | 7044.21 |
| Basic EPS after Extraordinary items (in) | 7.46 |
| Diluted EPS after Extraordinary items (in) | 6.17 |

# શરદના સટ્ટા (મોંઘવારી) એ માર્કેટની કમર તોડી

વાંચક મિત્રો,

ગત સપ્તાહમાં અગાઉ કહ્યા મુજબ મોંઘવારીએ માર્કેટની કમર તોડી નાખી હતી.હજુ આવનાર સપ્તાહમાં પણ તેની મહદઅંશે અસર દેખાશે. વિશ્વમાં જેમ લોકો જાગૃત થયા છે તેમ ભારત વર્ષમાં મિત્રો આપણે મોંઘવારીથી બચવા જાગૃત થવું પડશે અને ભ્રષ્ટાચાર સામે એકજૂથ થઈ લડવું પડશે. આજથી આ વાચનાર મિત્રો સોંગદ લો કે આજીવન ખાદ્યપદાર્થ પર સટ્ટો રમશો નહીં કે રમાડશો નહીં. જેની એક યા બીજી અસર આપણને મોંઘવારી સ્વરૂપે જોવા મળશે. શરદના આ સટ્ટાને આપણે અત્યારે જ બંધ કરીશું અને આગામી ચૂંટણીમાં આપણો કિંમતી મત આપવા ૧૦૦ વાર વિચારશું જેની ફાઈનાન્સ મિનિસ્ટર તેમજ પીએમ ને પણ આ મોંઘવારી સામે પગલાં નહીં લેવા અને આ સટ્ટાને પ્રોત્સાહન પુરુ પાડવામાં જ રસ ધરાવે છે. તેથી મિત્રો જ્યાં સુધી કૃષિ પ્રધાન શરદ હશે ત્યાં સુધી મોંઘવારીનો ગ્રાફ અવિરત વધતો જ રહેશે અને ગરીબ માણસ વધુને વધુ ગરીબ બનતો જશે. અને તેની રીટલી પણ છીનવાઈ જશે. જો ખાદ્ય પદાર્થના સટ્ટામાં પ્રતિબંધ નહીં તો કાંઈ નહીં પણ સોદા તો નહીં જ. તેથી મિત્રો શરદના સટ્ટાના દૂર કરો.

**ખાદ્ય પદાર્થના સટ્ટા પર પ્રતિબંધ નહીં તો સોદા નહીં કરવા**

**(૧) આરઆઈએલ (૯૧૯.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૯૧૩** અને દૂરના **૯૦૨** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૯૨૭** આ ઉપર **૯૩૮** આ ઉપર **૯૪૫** થી **૯૬૦** નો ભાવ જોવા મળે.

**(૨) મારુતિ (૧૧૮૩.૨૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૧૭૮** અને દૂરના **૧૧૬૮** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૧૯૧** આ ઉપર **૧૧૯૯** આ ઉપર **૧૨૧૨** થી **૧૨૨૦** નો ભાવ જોવા મળે.

**(૩) ઓરેકલ (૨૧૦૨.૯૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૨૦૯૫** અને દૂરના **૨૦૮૭** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૨૧૧૧** આ ઉપર **૨૧૨૪** આ ઉપર **૨૧૩૫** થી **૨૧૪૮** નો ભાવ જોવા મળે.

**(૪) આઈસીઆઈસીઆઈ બેંક (૯૯૬.૫૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૯૯૧** અને દૂરના **૯૮૪** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૦03** આ ઉપર **૧૦૧૧** આ ઉપર **૧૦૨૦** થી **૧૦૨૮** નો ભાવ જોવા મળે.

**(૫) ટીસ્કો (૬૩૫.૮૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૬30** અને દૂરના **૬૨3** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૬૪૧** આ ઉપર **૬૪૮** આ ઉપર **૬૫૪** થી **૬૬૧** નો ભાવ જોવા મળે.

**(૬) બીઈએમએલ (૭૯૫.૭૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૭૯૦** અને દૂરના **૭૮3** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૮૦૪** આ ઉપર **૮૧૨** આ ઉપર **૮૧૯** થી **૮30** નો ભાવ જોવા મળે.

**(૭) ટાટા પાવર (૧૧૮3.૦૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૧૭૫** અને દૂરના **૧૧૬૬** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૧૯૧** આ ઉપર **૧૨૦૨** આ ઉપર **૧૨૧૫** થી **૧૨30** નો ભાવ જોવા મળે.

**(૮) ઈન્ફોસીસ (30૪૬.3૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **303૮** અને દૂરના **30૨૭** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **30૫૪** આ ઉપર **30૬3** આ ઉપર **30૭૮** થી **30૯૨** નો ભાવ જોવા મળે..

**(૯) અબાન (૬૯૯.૬૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૬૫3** અને દૂરના **૬૪૬** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૬૬૫** આ ઉપર **૬૭3** આ ઉપર **૬૮૧** થી **૬૮૯** નો ભાવ જોવા મળે..

**(૧૦) એચપીસીએલ (3૪૦.૮૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **33૫** અને દૂરના **3૨૯** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **3૪૬** આ ઉપર **3૫૧** આ ઉપર **3૫૭** થી **3૬૪** નો ભાવ જોવા મળે..

**બેસ્ટ ટીપ્સ**

રૂપેશ શાહ
મો. ૯૪૨૮૭૩૨૫૭૨
rup947@yahoo.co.in

**(૧૧) બેંક ઓફ બરોડા (૮33.૯૫) :-** આ સ્ક્રીપમાં નજીકના **૮૨૭** અને દૂરના **૮૧૧** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૮૪૦** આ ઉપર **૮૪૭** આ ઉપર **૮૫૬** થી **૮૬૪** નો ભાવ જોવા મળે..

**(૧૨) રિલા. ઈન્ફ્રા. (૬૭૮.૦૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૬૭૨** અને દૂરના **૬૬૫** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૬૮૬** આ ઉપર **૬૯૮** આ ઉપર **૭૦૭** થી **૭૨૦** નો ભાવ જોવા મળે..

**(૧૩) ટાટા મોટર્સ (૧૧૪૯.૬૦) :-** આ સ્ક્રીપમાં નજીકના **૧૧૪૨** અને દૂરના **૧૧3૫** સ્ટોપલોસે તેજીનો વેપાર કરવો. ઉપરમાં **૧૧૫૮** આ ઉપર **૧૧૬૭** આ ઉપર **૧૧૭૯** થી **૧૧૯૫** નો ભાવ જોવા મળે..

# પ્રાઈમ ટાઈમ ન્યુઝ

### સેબીએ ૩૬ યુનિટ પર પ્રતિબંધ લગાવ્યો

બજાર નિયામક સેબીએ ૩૯ યુનિટના કારોબાર પર બજારમાં પ્રતિબંધ મુક્યો છે. આ યુનિટ દ્વારા ઘણા શેરોમાં કૃત્રિમ રુપે શેરોની સંખ્યા અને મૂલ્ય વધારવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

સેબી દ્વારા જાહેર કરેલ આ ૩૯ યુનિટો, વ્યક્તિઓ પર જ્યાં સુધી આદેશ ન મળે ત્યાં સુધી બજારમાં ખરીદ કે વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ યુનિટમાં પબારી પારેખ અને વાલ્મિકી શાહ સમૂહથી સંબંધિત છે. આ યુનિટ જે શેરોમાં ટ્રેડીંગ કરે છે તેમાં એલજીએસ ગ્લોબલ, સ્પેકટેકલ ઈન્ડસ્ટ્રીઝ, ગોલ્ડસ્ટોન ટેકનોલોજીસ, જેમસ્ટોન ઈન્વેસ્ટમેન્ટ અને વેબ પૈક પેપર્સ સામેલ છે.

### ફુગાવાનો દર ઉછળીને ૧૭.૦૫ ટકા થયો

શાકભાજી, ફળ અને દૂધના વધતા ભાવ અને ખાદ્ય વસ્તુઓના મૂલ્ય પર આધારિત ફૂડ ઈન્ફલેશન સતત બીજા સપ્તાહે વધીને ૧૭ ટકા થી ઉપર આવી ગયો છે.

ગુરુવારે બહાર પડેલા આંકડા અનુસાર ૨૨ જાન્યુઆરી સપ્તાહમાં ખાદ્ય પદાર્થનો ફુગાવો ઉછળીને ૧૭.૦૫ ટકા પર પહોંચી ગયો છે. સપ્તાહ દરમ્યાન આમાં ૧.૪૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ સપ્તાહ પહેલાં ખાદ્ય પદાર્થોનો ફુગાવો ૧૫.૫૭ ટકા થી પાછલા વર્ષે આ જ સમયગાળામાં ૨૦.૫૬ ટકા હતો.

૨૨ જાન્યુઆરીના સપ્તાહમાં ઈંધણ વર્ગના ફુગાવામાં ૦.૬૬ ટકા વધારો થયો છે. અને ગયા બે સપ્તાહ પહેલાં પેટ્રોલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલના ભાવમાં લીટર દીઠ ૨.૫૦ રૂપિયાનો વધારો કર્યો હતો.

### સેબી દ્વારા ૧૯૦૦ કંપનીઓ પર પ્રતિબંધ જેમાં ગુજરાતની ૪૫ કંપનીઓમાં રોકાણ ભયગ્રસ્ત જાહેર કર્યું :

સેબી દ્વારા બોમ્બે સ્ટોક એક્ષચેન્જ અને નેશનલ સ્ટોક એક્ષચેન્જને મળીને શેર બજારમાં લિસ્ટેડ કંપનીમાંથી ૧૯૦૦ જેટલી કંપનીઓમાં ટ્રેડીંગ કરવા સામે ચેતવણી આપી છે. જેમાં ગુજરાતની ૪૫ કંપનીઓ પણ સામેલ છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા પ્રમોટ કરાયેલ બે કંપની ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ અને ગુજરાત લીઝ ફાઈનાન્સનો પણ સમાવેશ થાય છે.

સેબી અને એક્ષચેન્જ દ્વારા દર મહિને વોલ્યુમ અને ટ્રેડીંગના આધારે જ કંપનીઓમાં પ્રવાહીતા અને વોલ્યુમનો અભાવ હોય તેવી કંપનીઓની યાદી જાહેર કરી હતી. આ કંપનીઓમાં લે વેચ કરવાનું જોખમ રહેલું હોવાથી રોકાણકારોના હિતને ધ્યાનમાં લઈ સેબી દ્વારા આ પગલું ઉઠાવવામાં આવ્યું છે.

બીએસઈએ કુલ ૧૯૦૭૮ અને એનએસઈએ ૨૩૭ કંપનીઓની યાદી જાહેર કરી છે, જેમાં પ્રવાહીતા અને વોલ્યુમ ઓછું જોવા મળ્યું હતું. આ યાદીમાં ગુજરાતની અનેક કંપનીઓ નો પણ સમાવેશ થાય છે.

આ અંગે ઓલ ગુજરાત ઈન્વેસ્ટર પ્રોટેકશન ટ્રસ્ટના ચેરમેન હિંમતસિંહ ઝાલાએ જણાવ્યું છે કે, સેબી દ્વારા ડીફોલ્ટ કંપનીઓને દંડ કરીને છોડી દેવામાં આવે છે પરંતુ સેબીએ તેમની સામે ક્રિમીનલ કાર્યવાહી કરવી જોઈએ અને રોકાણકારોને થતા નુકસાનમાંથી બચાવવા જોઈએ.

### ગુજરાતની ૪૫ કંપનીઓની યાદી જેમાં સેબી દ્વારા ચેતવણી આપવામાં આવી છે....

**ગુજરાત લીઝ ફાઈનાન્સ લિમિટેડ, સ્ટીલકો ગુજરાત લિમિટેડ, ગુજરાત ઓર્ગેનિક્સ લિમિટેડ, સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ, ગુજરાતઓટોમોટિવ ગિયર્સ લિ., ગુજરાત કાર્બન એન્ડ ઈન્ડ. લિ., ગુજરાત સોલ્ડ એન્ડ એલાઈડ ઈન્ડ. લિ., ગુજરાત પેટ્રોસિન્થેસી લિ., ગુજરાત થેમિસ બાસોરિન લિ., ગુજરાત હોટલ લિમિટેડ, ગુજરાત રિકલેઈમ એન્ડ રબર પ્રોડકટ, પાર્શ્વનાથ હાઉસિંગ ફાઈનાન્સ લિ., મહેતા ઈન્ડીગ્રેટેડ ફાઈનાન્સ લિ., ગાંધીનગર લિઝીંગ એન્ડ ફાઈનાન્સ, મહેતા હાઉસિંગ ફાઈનાન્સ, મહેતા સિક્યોરિટી, સરસ્વતી કોમર્શિયલ (ઈન્ડિયા) લિ., જય ભારત ટેક્સટાઈલ્સ એન્ડ રિયલ એસ્ટેટ, શાહ એલોઈઝ લિ., બરોડા એક્સ્ટ્રુશિયન લિ., સ્ટીલ કાસ્ટ લિ., ગુજરાત કોટેક્ષ લિ., મધુસુદન ઈન્ડ., ગુજરાત પોલી એવીએક્સ ઈલેક્ટ્રોનિક્સ, શાહ ફૂડ્સ લિ, વાડીલાલ એન્ટરપ્રાઈઝ, વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ, વિમલ ઓઈલ એન્ડ ફુડ્સ લિ., એન. કે. ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ સ્ટીલ કાસ્ટ લિ., સયાજી હોટલ લિ., ગુજરાત રાફિયા ઈન્ડસ્ટ્રીઝ, ગુજરાત ક્રાફટ ઈન્ડ. લિ., સમ્રાટ ફાર્માકેમ, વિરાટ ઈન્ડસ્ટ્રીઝ, ગુજરાત ઈનવેસ્ટા લિ., ગુજરાત ફોઈલ્સ લિ., ગુજરાત બિલ્ડર્સ લિ., ખ્યાતિ મલ્ટિમીડીયા એન્ટરટેઈનમેન્ટ, ઊંઝા ફોર્મ્યુલેશન લિ., કચ્છ મિનરલ લિ., આદિનાથ એક્ઝિમ રિસોર્સિસ, ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ કોર્પોરેશન, એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિ.**

### બજારને અચાનક કડાકાથી બચાવવાની સેબીની યોજના

મૂડી બજારના રેગ્યુલેટર અને સિકયુરીટીજ અને એક્ષચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) શેર બજારને અચાનક આવી પડતા કડાકાથી બચાવવા માટે કોઈ ઉપાય કરવા વિચારી રહેલ છે. આવો અનુભવ ગત મે માસમાં વોલ સ્ટ્રીટમાં થયેલ હતો, આ વખતે ડાઉ જોન્સ ૭૦૦ પોઈન્ટ ઘટયો હતો.

સિનિયર સેબી અધિકારીઓએ થોડા સમય પૂર્વે મળેલ એક મીટીંગમાં મેનેજમેન્ટ એક્ષપર્ટ અને સેબીએ જ નિમેલ વિવિધ સલાહકાર સમિતિઓ સાથે સાથે આ અંગે ચર્ચા કરી હતી

### યુ કે સિંહા સેબીના ૮મા ચેરમેન નિમાયા

સરકારશ્રીએ યુટીઆઈ એ એમ સીના ચીફ યુ કે સિહાને મૂડી બજારના રેગ્યુલેટર અને સિકયુરીટીજ અને એક્ષચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ચેરમેન તરીકે નિમણૂક આપેલ છે.

૧૯૭૬ની બેચના બિહાર કેડરના આઈ એ એસ અધિકારી સિંહા, શ્રી સી બી ભાવે કે જેઓ ૧૭મી ફેબ્રુઆરીના

અનુસંધાન પા.નં. ૭ ઉપર

**તંત્રી લેખ પા.નં. ૪ નું ચાલુ**

ભ્રામકતા ઉભી કરી પોતાનો સ્વાર્થ શેકવા માટે હતી ? શા માટે તેઓ ચૂપ છે ?

આ સરકાર સમાજમાં પ્રવર્તતી બદીઓ અને દુષણોને કાબૂમાં લઈ શકવામાં અસમર્થ છે એટલે તેને કાયદાનું રૂપ આપવાનો એક પ્રયાસ છે, બારમાં દારૂ પિરસતી પુખ્તવયની યુવતી આ કામ કરે તો એને ગુનેગાર ગણવામાં આવે છે પરંતુ હવે નાબાલિકને કાયદેસર સેકસની છૂટ આપવામાં આવે છે. આ અંધેરી નગરી અને ગંડુ રાજાની કથાને યથાર્થ ઠેરવતી સરકાર માટે શું કહેવું અને શું ન કહેવું તે તમે જ નક્કી કરો.

તાલીબાનો માટે ગમે તેટલી ખરાબ આતંકવાદી જેવી છાપ હોય, પરંતુ તેઓ ધર્મને તો ચૂસ્ત વળગી રહે છે. દા. ત. સ્ત્રીઓએ બુરખો પહેરવો એટલે પહેરવો, તેમાં કોઈ સમાધાન નહીં, તેમને ખરાબ કહેનાર આ જે કાર્ય રહી રહેલ છે તે તેમની માનસિકતાનું અને સંસ્કારનું દેવાળું દર્શાવે છે, આથી નીચા વિચાર હોઈ શકે ખરા ? જો આપણા દેશમાં તાલીબાનો જેવી સંસ્થાઓ હોત તો આવો ખરડો લાવવાની હિલચાલ કરનારને પણ ગોળીએ દઈ દીધા હોત.

ખરેખર તો આ ખરડાનો વિરોધ કરવો જોઈએ, જો આવા જ કાયદા કરવાના હોય તો ભ્રષ્ટાચારમાં રાચતી સરકારને ઉથલાવી દેવી જોઈએ, ફરી તેઓ સત્તા પર ન આવે તે જ તેમની સજા હોવી જોઈએ, જે સંસ્કૃતિનું જતન ન કરે તે દેશને કયાં લઈ જશે ? પરંતું આ ખરડા સામે વિરોધ પક્ષો, અને ખાસ કરીને ભાજપ પણ ચૂપ છે ત્યારે પ્રજાએ જ વિચારવાનું છે કે આ લોકોનું નિતિમત્તાનું ધોરણ કયું છે ? જો મંદિર કે મસ્જીદ માટે આક્રમક અને હિંસક વિરોધ થાય તો પછી સંસ્કૃતિનો છેદ ઉડતો હોય ત્યારે બધા ધર્મોએ એક સ્ટેજ પર આવી તેનો વિરોધ કરવો જોઈએ. પ્રજાએ જ હવે દેશનો દોર હાથમાં લેવો પડશે, ખરેખર પોતાની સત્તા બતાવવી પડશે ? એ દિવસો આવી ગયા છે, તેમાં કોઈ ના પાડી શકે તેમ નથી. ખરેખરતો અમને લાગે છે કે બધી બાજુથી ઘેરાઈને બોખલાઈ ગયેલી આ ભ્રષ્ટાચારી સરકાર પાણીમાં નવા નવા પથરા ફેંકી પ્રજાનું ધ્યાન બીજે દોરવા માંગે છે, કે હવે તેમના દિવસો ભરાઈ ગયા છે. તે તો સમય જ કહેશે.

તેમણે સમજી લેવું જોઈએ કે ‘પબ્લિક સબ જાનતી હૈ ’, પ્રજા જયારે વિફરે છે ત્યારે આતંકવાદીઓના હુમલાથી સંસદમાં બેઠેલા કાળાકર્મીઓ કદાચ બચી જતા હશે, પરંતુ પ્રજાના પ્રકોપમાં ભષ્મ થયે જ છુટકો.

**જય હો,**

**સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

# અનિશ્ચિતભર્યા વાતાવરણમાં રોકાણની તકો

સન ૨૦૧૧ ના ૬ઠ્ઠા સપ્તાહનું પ્રતિનિધિત્વ શુક્ર ગ્રહ કરે છે. અને સન ૨૦૧૧નું પ્રતિનિધિત્વ રાહુ કરે છે.

રાહુ અને શુક્રની યુતિ ધન રાશીમાં, ગુરુ (બૃહસ્પતિ) મીન રાશીમાં, મકર રાશીમાં સૂર્ય, મંગળ અને બુધની યુતિ બની રહી છે. આ બધા ગ્રહ સંજોગો શેર બજારમાં અને કોમોડીટી વાયદા બજારમાં હલચલ મચાવી શકે છે.

આ સમયે ભારતીય શેર બજારમાં અનિશ્ચિતતાનું વાતાવરણ હાવી થયું છે. મધ્યમ અને ટૂંકાગાળામાં જબરદસ્ત મંદીનો દોર ચાલી રહ્યો છે. શેર બજાર પાછલા લગભગ ૧૧ મહિનાના નીચલા સ્તર પર આવી ગયું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેલિકોમ, કેપિટલ ગુડ્ઝ, ઓટો સેક્ટરમાં નબળાઈ જોવામાં આવી રહી છે. અમે અમારા સન ૨૦૧૧માં અગ્રિમ ભવિષ્યવાણીમાં ૨૬ જાન્યુઆરી આસપાસ તનાવ વધશે તેવું જણાવ્યું હતું. આની અસર શેર બજાર પર જોઈ શકાય છે. ભારતની જન્મ કુંડળીમાં સૂર્ય અને રાહુની દશા ચાલી રહી છે. ભારતમાં રાજનૈતિક ગડબડ અને શેર બજારમાં હલચલ થી નબળાઈ જોવામાં આવી રહી છે.

સાપ્તાહિક ગ્રહ સ્થિતિ અનુસાર આ

**એસ્ટ્રોમની ગુરૂ**



કર્નલ અજય
મો.
09414056705
www.astromoneyguru.com

સપ્તાહે શેર બજારના સુચકઆંક ઉપર નજર ન કરતા સેક્ટર અને શેરો પર વધારે ધ્યાન રાખવું જોઈએ. મધ્યમગાળાના રોકાણકારોએ એસબીઆઈ, ચંબલ ફર્ટીલાઈઝર, એલ એન્ડ ટી, નેશનલ ફર્ટીલાઈઝર, સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, કેઈર્ન ઈન્ડિયા વગેરે શેરો પર નજર રાખવી હિતાવહ રહેશે.

મધ્યમ ગાળા માટે એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, આઈએફસીઆઈ વગેરે પર નજર કરી શકાય. ટૂંકાગાળાના રોકાણકારોએ મળતો નફો ઘરે લઈ જવો જોઈએ. ગ્રહોની ચાલ અનુસાર માર્ચ-એપ્રિલ સન ૨૦૧૧માં સૂચકઆંક નવી ઐતિહાસિક ઊંચાઈ પર આવી શકવાની સંભાવના છે.

આ સપ્તાહે સિંહ રાશીના રોકાણકારોએ વધારે સાવધાની રાખવાની રહેશે. રાશીનો સ્વામી સૂર્ય અને યોગ કારક ગ્રહ મંગળ રાશીથી છઠ્ઠા સ્થાને બેસીને વિવિધ પરેશાનીઓને વધારી શકે છે. એટલે સિંહ રાશીવાળા માટે ૯નો અંક ભાગ્યશાળી રહી શકે છે. તથા ૯,૧૮, ૨૭ તારીખ શુભ ફળ આપનારી સાબિત થઈ શકે છે. જો સંજોગોવસાત આ તારીખોમાં મંગળાવાર પણ આવી જાય તો આ તારીખ વધુ શુભ ફળ આપનાર સાબિત થશે. સિંહ રાશી માટે માણેક રત્ન ધારણ કરવો શુભ રહી શકે છે.

ઉપરોક્ત બધી ભવિષ્યવાણી જેમીની જ્યોતિષ અને અંક જ્યોતિષના માધ્યમથી આપવામાં આવે છે. લેખકનો આમાં કોઈ અંતરંગ સ્વાર્થ નથી.

# નિફ્ટી ૫૩૫૦ તો આવી ગઈ હવે આગળ શું હજું પણ આવનાર સપ્તાહ જવા દો પછી ટેકનિકલ બાઉન્સ આવી શકે છે..

**નિફ્ટી (૫૩૯૫)**

મિત્રો આપણે ગત સપ્તાહમાં વાત થઈ હતી કે નિફ્ટી ૫૩૫૦ આવી શકે છે

**DHANWIN-**
**"WINNER'S CHOICE"**



હિમાશું જાની
મો.
૯૭૨૬૮૦૦૬૦૦
email:
dhanwinvestnents@gmail.com
WWW.DHANWIN.COM

કારણ કે આ એ ઝોન છે જ્યાં માર્કેટે ઘણો સમય પસાર કર્યો હતો. ૬૩૦૦ નું લેવલ આવતા પહેલાં એટલે એક વાર તો ને ૫૩૫૦ તો બતાવવું જ પડે પરંતુ એનાથી ઈન્વેસ્ટરને શું ફરક પડે છે જેને લાંબા સમયગાળા માટે વેલ્યુ બાઈંગ કરવું છે એના માટે તો આ ઉત્તમ સમય છે, હવે તમે નક્કી કરો કે તમે ટ્રેડર છો કે ઈન્વેસ્ટર.

હું તમને વેલ્યુ ઈન્વેસ્ટિંગ કરવાનો સરસ દાખલો આપુ. મેં કહ્યું હતું કે આરઈસી ૨૪૦-૨૫૨ની વચ્ચે બાય કરો. શું થયું પેનીકમાં પણ ૨૩૫ સુધી આવીને ૨૬૫નું લેવલ આવી ગયું. માત્ર સેન્સેક્સની ૩૦૦ પોઈન્ટની રેલી અને માર્કેટ શુક્રવારે ૫૦૦ પોઈન્ટ કરેક્શન આવ્યું સ્ટોકનું ક્લોઝીંગ ૨૬૦ આવ્યું છે હવે ૧૦ ટકા રિટર્ન ફક્ત એક જ સપ્તાહમાં આવ્યું. બોલો ક્યાં મળે છે આવું રિટર્ન માત્ર ને માત્ર શેર બજારમાં જ મળે.

હવે આપણે સિન્ટેક્ષની વાત કરીએ તો સ્ટોક ૧૪૪ -૧૩૭ ની વચ્ચે વાત થઈ હતી. સ્ટોક ૧૪૦ જઈને ૧૫૧ સુધી જઈ આવ્યો. હું હજુ પણ કહું છું નીચે આવશે પરંતુ તમે ખરીદી કરવાનું શરું કરી દો.

હવે માત્ર હું તમને કંઈ આ સ્ટોકમાં જ ખરીદી કરો એવું નથી કહેતો. હજુ ઘણા સ્ટોક્સ છે જેના વેલ્યુ બાઈંગના લેવલ આવશે પરંતુ બજારને હજુ સમય આપો. અત્યારે જો તમારે ૧૦,૦૦૦ બજારમાં રોકવા હોય તો ૨૦૦૦ રોકી શકો એવું પણ થઈ શકે છે. નિફ્ટી ૫૧૦૦

**મિત્રો આપણે ગત સપ્તાહમાં જણાવેલ આરઈસી અને સિન્ટેક્ષ બંને સ્ટોક્સમાં બોટમથી ૧૦ થી ૧૫ ટકા રિટર્ન આવ્યું એટલે વેલ્યુ ઈન્વેસ્ટિંગ કરવાનું શરૂ કરી દો**

આવશે ૪૭૦૦ આવશે કે પછી ૫૩૦૦ થી પાછી ૬૩૦૦ એ તમને કોઈ નહીં કહી શકે. હા માત્ર સમય જ કહી શકશે.

# તા.૭ ફેબ્રુઆરી ૨૦૧૧થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૧ નાં ટ્રેડીંગ લેવલ્સ

વિકસિત બજારો તેમ જ ખાસ ઉભરતાં બજારો સાથે આપણે સંપૂર્ણ રીતે વિવિધતા તરફ જઈ રહેલ છીએ.

ગત સપ્તાહે યુ એસ જેવા વિકસિત દેશોએ અપેક્ષા કરતાં સારા માઈક્રો સમાચારને કારણે બીજી ઉર્ધ્વગતિ દર્શાવેલ છે. આ સાથે ઘણાં ઉભરતાં બજારોએ પણ સારી ઉર્ધ્વગતિ દર્શાવેલ છે પરંતુ આપણે ત્યાં ઘટાડો ચાલુ રહેલ છે. આ કારણે આપણું બજાર ૨૦૧૧ની સાલનું સૌથી ખરાબ દેખાવ કરનાર બની રહ્યું.

ખરેખર માઈક્રો સમાચાર ઉત્સાહ આપનારા નથી અનો અમોને આ રિઝલ્ટની ઋતુમાં એક પણ બ્લોક બસ્ટર રિઝલ્ટ જોવા મળેલ નથી. ઉચ્ચ વ્યાજદરના કારણે વધતા જતા કાચા માલના ભાવ તેમ જ

**સાપ્તાહિક ટ્રેન્ડ**



માધવ રાનડે
મો.
૦૯૩૭૧૦૦૨૯૪૩
email: sumamura@dataone.in

નાણાકીય પડતર દરેક ઉદ્યોગના નફાને અસરકૃત બની રહી છે. ગત ત્રિમાસિક ગાળામાં ૨૦૧૦/૧૧માં આ વલણ બાબતે ધ્યાન ખેંચાયેલ હતું. આ જ કારણે ઘણા એનાલીસ્ટોનો આ વર્ષના તેમ જ આવનાર વર્ષના વર્ષાન્ત ઈ પી એસ એસ્ટીમેટમાંથી રસ ઉડી ગયો છે.

ફૂગાવાના મોરચે પણ કોઈ સોલ્યુશન નથી અને સી બી આઈએ રાજાની ધરપકડ કર્યા પછી ભષ્ટાચારનો મુદ્દો વધુ સતાવવા માંડયો છે.

આ બધાની અસરો આપણી વાર્ષિક ટ્રેડીંગ સપાટીઓ ઉપર જોવા મળેલ છે, અને તે સંપૂર્ણરીતે કાર્યરત પણ છે. બીજી વધારાની માહિતી માટે મારી વેબસાઈટ

WWW.SUMAMURA.COM

ની મુલાકાત લેવાનું ચાલુ રાખો. એક વાત ખાસ યાદ રાખો મૂડી હંમેશાં દુર્લભ હોય છે તેનું સન્માન કરો.

| posn trading lvls | | date | 7th / 11th feb 2011 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 17780 | 17530/280/030 | 18030 |
| | long | 18030 | 18280/530/780/19030 | 17780 |
| BSE auto index | short | 8620 | x | 8700 |
| | long | 8700 | x | 8620 |
| BSE capital goods | short | 13090 | x | 13185 |
| | long | 13185 | x | 13090 |
| BSE FMCG index | short | 3210 | x | 3250 |
| | long | 3250 | x | 3210 |
| BSE health index | short | 6090 | x | 6165 |
| | long | 6165 | x | 6090 |
| BSE metal index | short | 16080 | x | 16210 |
| | long | 16210 | x | 16080 |
| BSE oil & gas INDEX | short | 9350 | x | 9430 |
| | long | 9430 | x | 9350 |
| BSE PSU index | short | 8600 | x | 8675 |
| | long | 8675 | x | 8600 |
| BSE realty index | short | 2157 | x | 2181 |
| | long | 2181 | x | 2157 |

**ગોલ્ડ માઈન પા.નં. ૮ નું ચાલુ**

આવનાર સારા સમયનો અહેસાસ આપે છે. આ ભાવે આ શેર સસ્તો લાગી રહ્યો છે.

**(૩) વિક્રમ થર્મો : બીએસઈ કોડ ૫૩૦૪૭૭ થી**

લિસ્ટેડ ૨૩ રૂા.માં મળતો ફાર્માસ્યુટીકલ ક્ષેત્રનો બલ્ક ડ્રગ ૩ ફોર્મ્યુલેશન ક્ષેત્રનો આ શેર ભવિષ્યનો મલ્ટીબેગર બની શકે છે. આ કંપની છેલ્લા ૪ વર્ષથી નિયમિત ડીવીડન્ડ આપે છે. અને રિટર્ન ઓન ઈક્વટી ૨૧ ટકા તથા રિટર્ન ઓન કેપિટલ એમ્પલોઈડ ૨૮ ટકા છે. જે ઘણું સુંદર કહેવાય. નાની માત્રામાં અચુક લેવાય.

**(૪) એએસએમ ટેકનોલોજી : બીએસઈ કોડ ૫૨૬૪૩૩**

થી લીસ્ટેડ ૨૨ રૂામાં મળતો બેંગ્લોર સ્થિત સોફ્ટવેર ક્ષેત્રનો આ શેર છેલ્લા ત્રણ કવાર્ટરથી સુંદર પરિણામો બતાવી રહ્યો છે. આ ભાવે નાની માત્રામાં અચુક લેવાય.

# પ્રાઈમરી માર્કેટના તાણા - વાણા

## એમ એન્ડબી સ્વીચગીઅર્સનું સોલાર પાવર પ્લાન્ટ માટે આઈપીઓ લાવવા આયોજન

ટ્રાન્સફોર્મના ઉત્પાદક એમ એન્ડ બી સ્વીચગીઅર્સ તેમના આગામી સોલાર ફોટોવોલ્ટેઈક પાવર પ્લાન્ટ માટે ફંડ એકત્રિત કરવા માટે પોતાના રૂ. ૧૦નો એક એવા ૫ લાખ ઈકવીટી શેર્સ સાથે મૂડી બજારમાં પ્રવેશવા માટે આયોજન કરી રહેલ છે. આ માટે આ કંપનીએ સેબી સમક્ષ પોતાનું ડી આર એચ પી પણ દાખલ કરી દીધેલછે. આ ફંડ આ કંપનીની ઈસ્યુ પછીની ૨૫ ટકા મૂડી ઉપલબ્ધ કરાવશે.

આ કંપની આ પાવર પ્લાન્ટ મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લાના ગગોર્ની ગામ ખાતે સ્થાપવા માગે છે અને તેમાં ૩૧.૩૬ કરોડ રૂપીયાનું રોકાણ કરશે. ઈસ્યુ પછી આ પ્રમોટરોનો હિસ્સો જે હાલમાં ૯૪.૨૬ ટકા છે તે ઘટીને ૭૦.૬૯ ટકા થશે.

## ગુડવીલ હોસ્પિટલે ૬ર કરોડનો આઈપીઓ લાવવા ડી આર એચ પી દાખલ કર્યું

નોઈડા સ્થિત ગુડવીલ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર દ્વારા રૂ. ૬૨ કરોડના આઈપીઓ દ્વારા મૂડી બજારમાં પ્રવેશવાના હેતુથી સેબી સમક્ષ ડી આર એચ પી દાખલ કરવામાં આવેલ છે. ગુડવીલ હોસ્પિટલ નોઈડા ખાતે ઓજસ મેડીકેરના બ્રાન્ડ નેમ હેઠળ મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલનું સંચાલન કરે છે જેમાં ન્યુરોલોજી અને ન્યુરોસર્જરી, કાર્ડીઓલોજી અને કાર્ડીક સર્જરી અને ઓર્થોપેડિકસનો સમાવેશ થાય છે.

આ ઈસ્યુથી મળેલ નાણાંથી આ કંપની ફરીદાબાદ ખાતે ડાયગ્નોસ્ટિક સેન્ટર કરવા માગે છે તેમ જ બાકી લોન ભરપાઈ કરવા માગે છે.

## સાન્કો ઈન્ડસ્ટ્રીજ મૂડી બજારમાં પ્રવેશશે

પોલીવીનાઈલ કલોરાઈડ (પી વી સી) ના ઉત્પાદક સાન્કો ઈન્ડ. તેનો રૂ. ૧૦ નો એક એવા ૭૫ લાખ શેર સાથે મૂડી બજારમાં પ્રવેશવા ધારે છે અને આ હેતુથી આ કંપનીએ સેબી સમક્ષ તેનું ડી આર એચ પી પણ દાખલ કરી દીધેલ છે. આ ઈસ્યુ પછી આ કંપની ઈસ્યુ પછીની ભરપાઈ થયેલ મુડીના ૫૫.૫૫ ટકા હિસ્સો મેળવશે.

## પરાગ મિલ્કનું મૂડી બજારમાં પ્રવેશવા માટે આયોજન

ભારતની સૌથી મોટી ખાનગી ડેરી ઓપરેટર પરાગ મિલ્કસ રૂ. ૪-૫ બિલિયનો આઈપીઓ લાવવા આયોજન કરી રહેલ છે. આ દ્વારા તેઓ ભારત ખાતે તેમ જ પરદેશમાં પણ પોતાનાં દૂધનાં અનેકવિધ ઉત્પાદનો ઉપલબ્ધ કરાવીને પોતાના ધંધાનો વિકાસ કરશે

## જાવેદ હબીબ હેર એન્ડ બ્યુટી આઈપીઓ દ્વારા રૂ. ૬૦ કરોડ ઉપલબ્ધ કરશે

હેર અને બ્યુટી સલૂનના સંચાલક જાવેદ હબીબ હેર એન્ડ બ્યુટીએ રૂ. ૬૦ કરોડના ઈસ્યુ સાથે મૂડી બજારમાં પ્રવેશવા માટે સેબી સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેકટસ દાખલ કરી દીધેલ છે. આ કંપની પાસે ૮ પોતાનાં તેમ જ ૧૭૬ ફ્રેન્ચાઈઝ આઉટલેટસ છે જે ભારતમાં ૬૨ શહેરોમાં આવેલ છે, આ ઉપરાંત ૩૬ શહેરોમાં તેમની પોતાની ૬ એકેડેમિકસ છે અને ૩૫ એકેડેમિકસ ફ્રેન્ચાઈઝ દ્વારા પણ છે.

જાવેદ હબીબી આ ઈસ્યુથી મળનાર ફંડનો ઉપયોગ બીજી બ્રાન્ડ હસ્તગત કરવા માટે, પોતાની બ્રાન્ડના સ્પેશિયલ આઉટલેટ સ્થાપવા માટે અને લોન ચુકવવા માટે કરનાર છે.

## ગજરા ડીફરન્સીઅલ ગીઅર્સ મૂડી બજારમાં પ્રવેશશે

ડીફરન્સીઅલ ગીઅર ઉત્પાદક ગજરા ડીફરન્શીઅલ ગીઅર્સ મૂડી બજારમાં પ્રવેશવા આયોજન કરી રહેલ છે, અને આ ભાગરૂપ આ કંપનીએ રૂ. ૧૦ નો એક એવા ૬૦ લાખ પબ્લિક ઈસ્યુ દ્વારા મુડી બજારમાં પ્રવેશવા માટે સેબી સમક્ષ ડી આર એચ પી પણ દાખલ કરી દીધેલ છે.

આ ઈસ્યુ દ્વારા ઈસ્યુ પછીની તેની ભરપાઈ થયેલ મડીના ૪૬.૧૭ ટકા હિસ્સો સાંપડશે.

## વેલ્યુફર્સ્ટ મેસેજીંગ પ્રા. લી. ૧૮ થી ૨૪ માસમાં આઈપીઓ લાવશે

વેલ્યુ ફર્સ્ટ મેસેજીંગ પ્રા. લી. તેમની પોતાની ગૌણ કંપની હેડલેન્ડ એશિયન વેન્ચર્સ ફન્ડ ૩ લી. દ્વારા રૂ. ૭૦૦ મિલિયનનું ફંડ એકત્રિત કરેલ હતા. હવે વેલ્યુ ફર્સ્ટ ગ્રુપ ડીઝીટલ મિડિયા, મોબાઈલ એપ્લીકેશન અને એમ કોમર્સ ક્ષેત્રે પણ કાર્યરત થઈ રહેલ છે. આ માટે ફંડ એકત્રિત કરવા માટે તે ૧૮ થી ૨૪ માસમાં મૂડી બજારમાં પ્રવેશવા આયોજન કરી રહેલ છે. આ કંપનીના ખાસ સલાહકાર તરીકે એક માત્ર ઈકવાઈરસ કેપીટલ કાર્ય કરશે.

## જીન્દાલ થર્મલ પાવર યુનિટ માટે ૨૦૦ મિલિયન ડોલરનો આઈપીઓ લાવશે

ફલેક્ષીબલ પેકેજીંગ ફિલ્મ્સના નિર્માતા જીંદાલ પોલી ફીલ્મ્સ થર્મલ પાવર પ્રોજેકટસ એકાદ વર્ષમાં માટે તેમનો ૧૫ ટકા જેટલો હિસ્સો વેચીને ૨૦૦ મિલિયન યુ. એસ ડોલર એકત્રિત કરશે. જો કે આ કંપની ૨૦૦ મિલિયન ડોલર એકત્રિત કરવા માટે આઈપીઓ સિવાયની બીજી શકયતાઓ વિષે પણ વિચાર કરી રહેલ છે. તેમના પ્રોજોકટનો કુલ ખર્ચ રૂ. ૯૧૫૦ કરોડ છે. જેમાંથી રૂ. ૭૨૦૦ કરોડ માટે આ કંપનીએ ૨૨ બેંકોનો સહયોગ લીધેલ છે, તેમના મુખ્ય બેંકર પંજાબ નેશનલ બેંક છે.

## પાવર મીનીસ્ટ્રી બીજા ડીવેસ્ટમેન્ટ માટે વીચારી રહેલ છે

પાવર મીનીસ્ટ્રી હવે બીજા ડીવેસ્ટમેન્ટ માટે વિચારી રહેલ છે. આ માટે કેબીનેટ નોટ પણ મુકાઈ ગયેલ છે. આ માટે પાવર ફાઈનાન્સ કોર્પોરેશનનો એફ પી ઓ લોન્ચ કરવા માટે આયોજન થઈ રહેલ છે. જેમાં ૫ ટકા ડીવેસ્ટમેન્ટ હશે અને ૧૫ ટકા નવા શેર હશે તેમ જ તે દ્વારા રૂ. ૭૦૦૦ કરોડ એકત્રિત કરવામાં આવશે. આ એફ પી ઓ આ વર્ષના એપ્રિલ માસ સુધી આવવાની શકયતાઓ છે.

**પ્રાઈમ ટાઈમ ન્યુઝ પા.નં. ૬ નું ચાલુ**

રોજ નિવૃત્ત થનાર છે તેમની જગ્યાએ નિમણૂક પામ્યા છે.

શ્રી સિહા સેબીના ચિફ તરીકે ફેબ્રુઆરી ૧૮,૨૦૧૧ થી ત્રણ વર્ષ માટે નિમાયેલ છે તેવું સરકારશ્રીના નોટિફીકેશનમાં જણાવવામાં આવેલ છે. તેઓ સેબીના અત્યાર સુધીના નિમાયેલ વડા માં ૮મા છે. તેઓશ્રી સેબી (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૦૨, યુ ટી આઈ (રીપીલ) એકટ ૨૦૦૨ અને સિકયુરીટીઝ લો એમેન્ડમેન્ટ એક ૨૦૦૪ અને પી એફ આર ડી એ બીલ ૨૦૦૫ બનાવવામાં સામેલ હતા.

આ ઉપરાંત તેઓ કેટિલક નાણાકીય સંસ્થાઓ જેવી કે બેંકસ કે જેમાં એસ આઈ ડી બી આઈ, આઈ એફ સી આઈ, બેંક ઓફ બરોડા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, યુટીઆઈ એ એમ સી અને પેન્શન ફન્ડ રેગ્યુલેરીટી અને ડેવલપમેન્ટ ઓથોરીટીમાં પણ કાર્ય કરેલ છે.

તેઓએ તેમની કારકિર્દી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાથી શરુ કરેલી અને પાછળથી તેઓ પટના ખાતે સ્ટેટ ક્રેડીટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનના એમ ડી તરીકે પણ નિમણૂક પામેલા. સન ૨૦૦૫ સુધી તેઓ યુ સટી આઈ, એ એમ સી સાથે પણ સંલગ્ન હતા.

## શેર બજારની મંદીમાં ગુજરાતની કંપનીઓના પ્રમોટરોના નાણાં

## ઓગળ્યા : સૌથી વધુ નુકસાન અદાણી ગ્રુપને

શેર બજાર માટે માઠા દિવસો ચાલી રહ્યા છે. સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત કડાકા નોંધાતા રોકાણકારોના નાણાં ઓગળી રહ્યા છે એટલું જ નહીં વિવિધ કંપનીઓના પ્રમોટરોની વેલ્થ (મિલ્કત) માં પણ જંગી ઘટાડો જોવા મળ્યો છે. ગુજરાતની અનેક કંપનીઓના પ્રમોટરોને ભારે નુકસાન કરવું પડ્યું હોવાનું જાણવા મળે છે. સૌથી વધુ નુકસાન અદાણી અને ટોરેન્ટ ગ્રુપના સુધીર મહેતા અને સમીર મહેતાને થયું છે. શેર બજાર ઘટ્યું હોવા છતાં પણ જાયડસ, નિરમા અને અરવિંદના પ્રમોટરને ફાયદો થયો છે.

**લર્ન એન્ડ ટ્રેન્ડ પા.નં. ૪ નું ચાલુ**

રાખવાની જરુર હોય છે જે શેર બજારમાં પૈસા બનાવવાનો સારામાં સારો રસ્તો છે.

**શું આ પદ્ધતિ કાયમ કામ કરે છે ?** આપણે ઝડપી કમાણી કરી આપે તેવી પોજીશનલ અને ઈન્ટ્રાડે ટ્રેડીંગ વિષે વિચાર કરીશું.

**વ્યૂહરચના ૧ ?**

**ટાઈમ ફ્રેમ ડે ચાર્ટ / ૫ એસ એમ એ અને આર એસ આઈ ૫ એન્ટ્રી રુલ્સ :** જયારે ભાવો ૫ એસએમએ ને પસાર કરે છે અને ઈન્ડેક્ષમાં ૧૦ પોઈન્ટ બનાવે છે, ત્યારે આરએસઆઈ ૫૦ થી ઉંચી હોવી જોઈએ. જો ભાવો પાંચ એસ એમ એ નીચે આવે ત્યારે વેચાણ કરો અને તે વખતે આરએસઆઈ ૫૦ કરતાં નીચે હોવી જોઈએ. વ્યૂહ રચનામાં વેપારમાંથી બહાર નિકળવાના કોઈ નિયમો નથી. ઈન્ડેક્ષમાં ૧૦ - ૨૦ પોઈન્ટનો વધારો ઘટાડો તો થાય. પરંતુ એસ એમ એ (સીમ્પલ મુવીંગ એવરેજ) ની દિશા અને તેના ઢોળાવ (સ્લોપ) પર નજર રાખો. જે તમને રૂખની દીશા દર્શાવશે. દરેક વખતે આરએસઆઈમાં ૫૦ ઉપરની વૃધ્ધી ઈન્ડેક્ષમાં તેજીમયતા આણશે અને એ નીચે આ જ રીતે ઉલટી ગતિ દર્શાવશે. આરએસઆઈ ૪૫ ઈન્ડેક્ષને નીચે તરફ લઈ જશે કે જયાં સુધી તે ૩૦ એ પહોંચે. આ પધ્ધતિ થી ખૂબ સારાં પરિણામ મેળવી શકાય છે તેમ જ ખૂબ સારું વળતર મળી શકે છે. આ સિસ્ટમને અનુસરવા માટેનું મુખ્ય પાસું એ છે કે કેન્ડલના સિગ્નલ પછી જ વ્યાપારમાં દાખલ થાઓ અથવા તો વ્યાપાર બંધ કરો.

**વ્યૂહરચના ૨ ?**

**જયારે મુવીંગ ૧૦ ઈએમ એ ૧૦ એમએને એક બીજાને પસાર કરે ત્યારની ટ્રેડીંગ સિસ્ટમ**

જયારે ૧૦ ઈએમએ ૧૦ એમએ ને પસાર કરે ત્યારે બજારમાં દાખલ થાઓ અને જયારે ૧૦ એમએ ૧૦ ઈએમએને પસાર કરે ત્યારે વ્યાપારમાંથી નિકળી જાઓ. આ પધ્ધતિમાં બીજા કોઈ સંકેતો સંકળાયેલા નથી. આ સિસ્ટમમાં, જો બજાર અસ્થિર હોય તો કેટલાક ગેરમાર્ગે દોરનાર સંકેતો શકય છે. પરંતુ એકંદરે આ પધ્ધિત દ્વારા બજાર તેમ જ શેરની રૂખ સ્પષ્ટરીતે સમજી શકાય છે.

**ઓર્ચિડ કેમિકલ પા.નં. ૫ નું ચાલુ**

૩૨૦ મીલીગ્રામ માટે મંજૂરી મળી ગઈ.

ઓગષ્ટ ૨૦૧૦ માં આ કંપનીએ યુ એસ ફૂડ એન્ડ ડ્રગ એડમીનીસ્ટ્રેશન (યુ એસ એફ ડી એ) પાસેથી તેની નવી સુશોધિત લેવેટીરેસેટમ ટેબ્લેટ ૧૦૦ મીલીગ્રામ માટે પણ મંજૂરી મળેલ છે.

**મૂલ્યાંકન**

ઓર્ચિડ કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ ભારત ખાતેની એક પ્રતિષ્ઠિત ફાર્માસ્યુટિકલ કંપની છે અને ભારત ખાતે સેફાલોસ્પીરોન બલ્ક એક્ટિવના મોટામાં મોટા ઉત્પાદક અને નિકાસકાર છે. હાલના ભાવે આ શેર તેની નાણાકીય ૨૦૧૨ની કમાણીની દ્રષ્ટિએ ૭.૪ ના પીઈ રેશિયોથી ઉપલબ્ધ છે. અમે આ કંપનીના શેર મધ્યમથી ટૂંકા ગાળા માટે ખરીદવા ભલામણ કરીએ છીએ

**ટેક. એના. પા.નં. ૫ નું ચાલુ**

લાભ અચુક લેવો રહ્યો.

એટલું યાદ રાખજો કે થોડાક જ માણસો ઈન્વેસ્ટમેન્ટ કે ટ્રેડીંગમાં કમાણી કરે છે. કારણ કે થોડાક જ લોકોને આવી તક મળતી હોય છે અને તે તકનો લાભ લેતા આવડે છે. અથવા મંદીમાં કાયમ મંદીના જ વિચાર કર્યા કરતા હોય છે અને ખરીદી કરી શકતા નથી. અથવા ખરીદીના પૈસા જ બચતા નથી. કારણ કે તેજીમાં સ્ટોક ખરીદેલા હોવાથી પૈસા બ્લોક થઈ જાય છે.

બાકીની વાતો આવતા અંકે.

હેપ્પી ટ્રેડીંગ

# નિફ્ટીમાં હવે પછી ૫૩૭૭ જળવાઈ રહે તો ૪૫ દિવસમાં ૫૯૯૭ નહીં તો ૪૭૮૬ નો માર્ગ ખુલ્લો થાય

મિત્રો,

જય જલારામ,

ગયા વખતના લેખમાં અમે પ્રથમ પાને હેડલાઈન આ મુજબ આપી હતી. **"નિફ્ટીનો છેલ્લો ટૂંકાગાળાનો સપોર્ટ ૫૩૭૭ અને સેન્સેકસનો ૧૭૯૨૭"**

શુક્રવારે મોટાપાયે બજારમાં

**કલમ કોટકની**

**શરદ કોટક**
**મો. ૯૮૨૫૦૬૮૨૧૧**

Skotak@KI-TRADE.com
WWW.KI-TRADE.COM

વેચવાલી જોવાઈ અને નિફ્ટી ૫૩૬૯.૦૫નું બોટમ બનાવી ૫૩૯૫.૭૫ ઉપર બંધ આવી. જ્યારે સેન્સેક્સ એકઝેટલી ૧૭૯૨૬.૯૮નું બોટમ બનાવી ૧૮૦૦૮.૧૫ ઉપર બંધ આવ્યો. મતલબ ટૂંકાગાળાના બંને સપોર્ટ ટેસ્ટ થઈ ગયા અહીંથી હવે બજાર "કરો યા મરો" ના તબક્કામાં ઉપર આવીને ઊભું છે.

સેક્ટરની વાત કરીએ તો સીએનએક્ષ આઈટીમાં ૨.૨૧ ટકાનો ઘટાડો જોવાયો. બેંક નિફ્ટીમાં ૨.૨૨ ટકાનો ઘટાડો જોવાયો. નિફ્ટીમાં એક જ દિવસમાં ૨.૩૭ ટકા એટલે કે ૧૩૧ પોઈન્ટ અને સેન્સેક્સમાં એક જ દિવસમાં ૪૪૧ પોઈન્ટ એટલે કે ૨.૩૯ ટકાનો ઘટાડો નોંધાયો અને મોંઘવારીના આંકડાઓએ પ્રજાના માનસને ડહોળી નાખ્યો છે. એશિયામાં ખાસ કરીને મુસ્લિમ દેશોમાં ડીકટેટરો સાથે આગ ઓકતા તોફાનો અને બળવા જોવાઈ રહ્યા છે. ઈજીપ્ત તથા તેની પાછળ અનેક સરમુખ્ત્યારો ગાદી ખોવાની એરણે આવી બેઠા છે. આ બધા નવા કારણો વિશ્વમાં ક્રૂડ તેલના ભાવને આસમાને પહોંચાડી દે તેવી શક્યતાઓ ઊભી થઈ છે. જો આવું થાય તો અનેક દેશોના બજેટ ફરીથી ખોરવાઈ જાય અને છેલ્લે આપણી નિષ્ક્રિય સરકાર તરફથી કૌભાંડો ઉપર કૌભાંડો બહાર આવતા જાય છે અને બજાર પડવામાં બ્રહ્માસ્ત્રનું કામ કર્યું હોય તો આપણા પંત પ્રધાન મંત્રી શ્રી મનમોહનસિંહે મોંઘવારી નાથવામાં પોતાની અસહાયતા દર્શાવતી ટિપ્પણી કરી તેનો મોટો હાથ છે. પ્રજાનો આક્રોશ ભડકવાની તૈયારીમાં છે. કોઈપણ પ્રજા આટલી નપાવટ, કૌભાંડી અને પ્રજાના પ્રશ્નો તરફની અસંવેદનશીલ સરકારને લાંબો સમય ચલાવી શકે નહીં. ભારતના ઈતિહાસમાં સૌથી કલંકિત સરકાર તરીકે યુપીએની સરકારનું નોમીનેશન થઈ જ ગયું છે. અમે ભગવાનને પ્રાર્થના કરીએ કે હવે તે આ સરકારને સદ્બુદ્ધિ આપે અન સ્વેચ્છાએ માર્ગ મોકળો કરી આપે.

અત્યારે આપણે નિફ્ટીના ૪૭૮૬ થી ૬૩૩૮ની દોડના વચગાળાના

**સેન્સેક્સ તથા નિફ્ટી અમારા આપેલા સપોર્ટ લેવલને શુક્રવારે સ્પર્શી ચૂક્યા છે**

કરેક્શનના પ્રથમ પડાવ ઉપર ઊભા છીએ. આ બહુ અગત્યનો પડાવ છે જે તમને સમયનો કાંટો આગળ વધશે પછી સમજાશે. ભવિષ્યમાં આ પડાવની ચર્ચા થશે ત્યારે જ અગત્યતા વિશે ખયાલ આવશે. આ પડાવથી શેર બજારની વણઝાર કરવટ બદલીને આગળ પ્રયાણ કરે છે કે ઉઠમણું કરે છે તે દશ દિવસમાં સમજાઈ જશે.

દિવાળી તારીખ ૦૫ નવેમ્બરથી ફેબ્રુઆરીની ૪થી તારીખ સુધીની મંઝીલ કોઈને ગમે તેવી ન હતી. પરંતુ સેન્સેક્સ તથા નિફ્ટી હાલમાં અમે આપેલા પ્રથમ પડાવ ઉપર આવીને ઊભી છે. ધી ઈકોનોમિક રેવલ્યૂશનના વાંચકો અગાઉથી આ લેવલ જાણતા હતા તે ખુશીની અને ઘણી અગત્યની વાત છે. શેર બજારમાં કાર્યરત ઘણા નામી અને અનામી છાપાઓ, ટીવી. ચેનલો અને મહારથીઓ પણ આ પડાવના આંકડા આપી શક્યા ન હતા. ફક્ત ધી ઈકોનોમિક રેવલ્યૂશનના વાંચકો જ આ બાબતે ભાગ્યશાળી હતા તથા નુકસાનીમાંથી બચી શક્યા છે. આ પ્રશસ્તિની વાત નથી પરંતુ વાંચકોના પ્રતિભાવની ઝલક છે.

શુક્રવારના ઘટાડાની વાત કરીએ તો તે ટેકનીકલ અને ફન્ડામેન્ટલ ઓછો છે તથા મનોવૈજ્ઞાનિક વધારે છે. ફયુચર ઓપ્શન વિશે દેશી વિદેશીફંડોએ શું કર્યું તેની લાંબી ચર્ચા બાજુએ મૂકીએ અને કેશ સેગ્મેન્ટની વાત કરીએ તો ત્રીજી ફેબ્રુઆરીએ વિદેશી ફંડોએ ઈક્વિટીમાં ૫૩૮.૭૧ કરોડની નેટ ખરીદી કરી તથા ૪ થી ફેબ્રુઆરીએ ૧૪૪ કરોડની નેટ લેવાલી કરી. ડીઆઈઆઈએ પણ શુક્રવારે કેશ સેગ્મેન્ટમાં નેટ લેવાલી જોવાઈ છે. તથા વિદેશી ફંડોએ ૦૧-૦૨-૨૦૧૧ના ૧૦૩૭ કરોડની નેટ વેચવાલી કર્યા બાદ આગળ વધતા સપ્તાહમાં ધીમી ખરીદી શરુ કરી છે. આ બાબતની નોંધ લેવી રહી. છતાં આપણે એવા ત્રિભેટે આવીને ઊભા રહ્યા છીએ જ્યાંથી બજાર, "કરો યા મરો" ના આરે ઊભું છે. અહીંથી મોટા કડાકા આવી શકે અથવા જો બજાર પાછું ફરે તો આ બોટમ લાંબાગાળા માટે અતુટ રહે. માટે હવે બજેટ સુધીના ગાળામાં મોટા વધારા અથવા મોટા ઘટાડા માટે તૈયાર રહો. બંને તરફી વધઘટ માટે લક્ષ્મણ રેખા તરીકે અમે આપેલ નિફ્ટીના ૫૩૭૭ અને સેન્સેક્સના ૧૭૯૨૭ના લેવલને ધ્યાનમાં રાખો.




**બંને તરફી વધઘટ માટે લક્ષ્મણ રેખા તરીકે અમે આપેલ નિફ્ટીના ૫૩૭૭ અને સેન્સેક્સના ૧૭૯૨૭ના લેવલને ધ્યાનમાં રાખો.**

## ટ્રેડીંગ સ્ટ્રેટેજી

### (૧) સ્ટેટ બેંક

**બંધ ભાવ : ૨૬૪૫.૮૦**

સોમવારે ૨૬૫૭ પાર કર્યા બાદ જ સારો. બજારમાં બાઉન્સ બેક આવે તો ૨૬૮૩નો પ્રથમ અને ૨૭૧૧નો બીજો લેવલ ધ્યાનમાં રાખવો. ૨૬૫૭ પાર ન કરી શકે અને બજાર નીચે ખૂલે તો પ્રથમ ૨૬૦૫ આવે અને ૨૫૮૭ સુધી નીચે જઈ શકે.

સાપ્તાહિક ધોરણે ૨૫૬૦નું બોટમ બનાવ્યા બાદ સુધારા તરફી છે. ૨૬૩૩નું સાપ્તાહિક સપોર્ટ લેવલ જળવાઈ રહે તો પ્રથમ ૨૭૦૫ નું લેવલ આવે અને ત્યારબાદ ૨૭૬૪ સુધની મંજીલ પાર કરી શકે. ઉપરમાં કોઈ લિમિટ નથી. બજાર સુધરે તો આ શેર રોકેટ ગતિએ આગળ વધે. પરંતુ બજાર વધારે ખરડાય તો આ શેરમાં સાપ્તાહિક બોટમ ૨૫૬૦નું તૂટી અને નવો બોટમ ૨૪૯૦ આસપાસ બની શકે.

### (૨)ટાટા મોટર્સ

**બંધ ભાવ : ૧૧૫૦**

શુક્રવારે ૧૧૮૯.૯૫નું ટોપ બનાવી ખરાબ માર્કેટના વાવાઝોડામાં આ શેર પણ સપડાઈ ગયો. સોમવારે ૧૧૬૭ પાર કરી ટકી શકે તો ૧૨૦૬ નો ભાવ આવી શકે અને માર્કેટ નીચે ખૂલે તથા ઘટાડો આગળ વધે તો ૧૧૧૦ સુધી નીચે જઈ શકે.

સાપ્તાહિક ધોરણે ૧૧૩૪નો ટેકો ધરાવે છે તે ન તૂટે તો ઉપર જણાવેલ ૧૨૦૬નો ભાવ નક્કી અને તે ઉપર ૧૨૫૮ સુધી જવાની તાકાત ધરાવે છે. પરંતુ બજારમાં ઘટાડો આગળ વધે તો ૧૦૬૩નો સાપ્તાહિક બોટમ પણ તૂટે અને નવો બોટમ ૧૦૦૨ આસપાસ બની શકે.

કોઈ મોટા કારણ સિવાય બજાર હવે થોડો આરામ કરે તેવી અમારી માન્યતા છે. સોમવારે અને મંગળવારે બહુ મહત્ત્વના છે. તથા બે દિવસમાં બજારની દિશા નક્કી થઈ જશે. ૦૮મી ફેબ્રુઆરીએ જેપીસી માટે સર્વ પક્ષીય બેઠક મળવાની છે જેની બજાર ઉપર મોટી મનોવૈજ્ઞાનિક અસર થશે તેથી બજારમાં પ્રવાહીતા સાથે રહેવામાં જ શાણપણ છે તે સમજી લેવું.

## બજાર કયા માર્ગે ?

**અમને ફક્ત ધી ઈકોનોમિક રેવલ્યૂશનના વાંચોકની પૃચ્છા આવે છે તેવું નથી. સીએનબીસીના પ્રકલ્પ મની કન્ટ્રોલની વેબ સાઈટ ઉપર મેસેજ બોર્ડમાં અમારા ૪૦૦૦ ઉપરાંત ફોલોઅર્સ તથા ફેસબુક ઉપર હજારો રોકાણકારોની પૃચ્છા આવતી રહે છે. અમારી પોતાની વેબસાઈટ ઉપર તો એટલી પૃચ્છા આવે છે કે અમે બધાને જવાબ આપવા અસમર્થ છીએ. તેથી ધી ઈકોનોમિક રેવલ્યૂશનના માધ્યમથી બધાને જવાબ આપીએ છીએ કે ગયા સપ્તાહે અમે લખેલ પ્રથમ પાનાની અને છેલ્લા પાનાની હેડ લાઈન કાપીને સાચવી રાખો.**

**NIFTY CLOSE : 5395.75**

**વ્યૂહ : આ વખતે અમે સપોર્ટ રેસિસ્ટન્સની ચર્ચા નહીં કરીએ. ધ્યાનથી વાંચો અન સમજવાનો પ્રયત્ન કરો. શુક્રવારના લેવલથી નીચે તથા ઉપરની તરફ ટૂંકાગાળાના સપોર્ટ કે રેસીસ્ટન્સ લેવલ નથી. હવે મોટી વધઘટને આરે આવીને બજાર ઊભું છે. આ લેવલથી નીચે ક્યાં જઈ શકે તે ગયા સપ્તાહના લેખમાં જણાવી ચૂક્યા છીએ અને બજાર આ લેવલથી પાછું ફરી જાય તો આગળ ઉપર નજીકમાં રેસીસ્ટન્સ લેવલ કયાંય નથી. ટૂંકાગાળાને ભૂલી જાવ અને લાંબાગાળાનું હવે વિચારતાં થાવ. નિફ્ટી હવે ૧૦૦-૨૦૦ પોઈન્ટના ગાળામાં નથી ફરવાની પરંતુ ૬૦૦ થી ૧૦૦૦ પોઈન્ટના પરિઘમાં ફરવાનું શરુ કરશે. માટે તમારા શસ્ત્રો સજાવીને તૈયાર થઈ જાવ. બંને તરફી કઈ રીતે ટૂંકા કે લાંબા ગાળાનું ટ્રેડીંગ કરવું તે તમારે નક્કી કરવાનું છે. દૈનિક લેવલને બાજુએ મૂકી સાપ્તાહિક અને માસિક લેવલ તરફ ધ્યાન આપવાનું શીખી જાવ.**

**તમારા માનિતા બેંકિંગ, ઓટો અને પાવર તથા આઈટી ક્ષેત્રના ચૂનંદા શેરોમાં જ ટ્રેડીંગ કરવાનું રાખો. અમારા અગાઉના લેખમાં જણાવી ચૂક્યા છીએ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિયાલીટીના શેર ૨૦૦૮ની તળિયાની સપાટી સુધી જઈ શકે તે વાત ફરી દોહરાવીએ છીએ. બજેટની ચર્ચા ધ્યાનથી જૂઓ અને બજેટથી થનારા ફાયદા અને નુકસાન વાળા ક્ષેત્રને અલગ તારવો તથા તે ક્ષેત્રમાં તમારી બાજી લાંબાગાળા માટે ગોઠવો.**

**અમે થોડાંક સ્ટોકની વિસ્તૃત ચર્ચા કરીએ છીએ પરંતુ તે પહેલાં સેન્સેક્સનો વાર્ષિક ચાર્ટ આપને આપવા માંગીએ છીએ. અમારા માપદંડ પ્રમાણે સેન્સેક્સનો ટાર્ગેટ ૧ વર્ષના પીઈ મલ્ટીપલ સૌથી સલામત અને સર્વમાન્ય માપદંડ છે. જે તે સમયે પ્રાઈઝ/ અર્નિંગ્સ શું હતું તે વાર્ષિક કોઠામાં દર્શાવેલ છે. પોલિટીકલ ઉથલપાથલ અને વૈશ્વિક પરિબળો સંપૂર્ણ રીતે નકારાત્મક છે તે સૌથી મોટું નબળું પાસુ છે. બીજું નબળું પાસું મોંઘવારી છે. ત્રીજુ વ્યાજના વધતા દર અને ચોથું સરકારી કૌભાંડો જે દેશની છબીને ખરડી ચૂક્યા છે. બાકી કોર્પોરેટ અર્નિંગ કે ટેકનીકલ અને ફન્ડામેન્ટલ પાસા યથાવત છે. બંગાળની ચૂંટણીઓ ત્રણે મમતાબેન, યુપીએ સરકારની સાથે રહે છે કે ટેમ્પરરી છેડો ફાડે છે અને ડીએમકે રાજાના તાયફા બાદ સરકારને ટેકો યથાવત્ રાખે છે કે નાટક કરી નાક દબાવે છે તે બજાર માટે બહુ અગત્યના આગળ ઉપરના પરિબળો રહેશે. ગલ્ફની અશાંતિ ક્રૂડ ઓઈલના ભાવ ઉપર શું અસર કરે છે તે બાબત વૈશ્વિક અર્થતંત્રો માટે મુખ્ય ચિંતાનો વિષય રહેશે.**

**YEARLY SENSEX MOVMENT / 2004 = 6602.69**

| Year | open | High | Low | Close | P/E | Change |
|---|---|---|---|---|---|---|
| 2005 | 6626.49 | 9442.98 | 6069.33 | 9397.93 | 16.21 | +2795.24 |
| 2006` | 9422.49 | 14035.30 | 8799.01 | 13786.91 | 20.18 | |
| 2007 | 13827.77 | 20498.11 | 12316.10 | 20286.99 | 23.25 | |
| 2008 | 20325.27 | 21206.77 | 7697.39 | 9647.31 | 18.22 | |
| 2009 | 9720.55 | 17530.94 | 8047.17 | 17464.81 | 18.08 | |
| 2010 | 17473.45 | 21108.64 | 15651.99 | 20509.09 | 21.71 | |
| 2011 | 20621.61 | 20664.80 | 17926.98 | 18008.15 | 21.64 | |

**સેન્સેક્સનું ૨૦૧૧નું બોટમ શુક્રવારે ૧૭૯૨૬.૯૮નું બનેલું. અમે ગયા અંકમાં વચ ગાળાનો સપોર્ટ સેન્સેક્સનો ૧૭૯૨૭ નો આપેલો. એક પોઈન્ટનો પણ ફરક નથી. હવે આગળ ઉપર સેન્સેક્સ ક્યાં જઈ શકે તે બાબતે લેખમાં ચર્ચા કરી છે તથા ગયા અંકમાં નિફ્ટીનું તળિયું પણ આપેલું. ફરી જણાવીએ તો ૪૭૮૬ અને ૧૫૯૭૭ ધ્યાનમાં રાખો.**

# અનિશ્ચિતતાના વાતાવરણમાં આ ભાવે ગભરાઈને શેરો વેચવાનો સમય નથી નાની માત્રામાં સારા શેરો લેવાનો વખત છે

ઈન્વેસ્ટર મિત્રો,

શેર બજાર અત્યારે સંકટભરી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. ફોરેન સંસ્થાઓ મોટા પ્રમાણમાં માલ ઓફલોડ કરી રહી છે. મેક્રો ઈકોનોમીક ફેક્ટર થોડા નબળા પડ્યા હોય તેવું લાગે છે. છેલ્લાં કેટલાય વર્ષોથી કાબૂમાં રહેલો ફુગાવો કાબુ બહાર જઈ રહ્યો છે. બેંકોમાં વ્યાજના દર વધી રહ્યા છે. આ એક જાતનું વિષચક્ર છે જે ક્યારે અટકશે એનીખબર પડતી નથી. પણ શેર બજાર દરેક પરિસ્થિતિ આગળ વધતા રહે છે. સાચી સમજ અને ધીરજથી આવા બજારમાંથી ભવિષ્યના મલ્ટીબેગર શોધી શકાય. ૨૦૦૦ના વર્ષમાં કોટક બેંકની માર્કેટ કેપ ૩૫૦ કરોડની હતી જે ૧૦ વર્ષમાં વધી ૩૩૫૦૦ થઈ છે.

આગામી પાંચ વર્ષના એંગલથી આવા શેરમાં અત્યારે રોકાણ કરવાનો વખત છે. અત્યારના સ્મોલકેપ આગામી સમયમાં બિગકેપ બની શકે છે. એ માટે ધીરજ, હિંમત અને નસીબ જોઈએ અમે આપને આવી ભવિષ્યની મલ્ટીબેગર કંપની બની શકે એવી કંપનીઓ વિષે માહિતી આપીશું.

વડાપ્રધાનને ફુગાવા સામે જે લાચારી બતાવી તે ચિંતાજનક છે.

**ગોલ્ડ માઈન**

**મોના વકીલ**

ફુગાવાને ડામવાના પ્રયત્નો અવિરત જારી રાખવા પડશે. રિઝલ્ટોની મોસમ ચાલી રહી છે. પણ અત્યારે આવા વાતાવરણમાં આની અસર ઓછી હોય છે. પણ જેવું બજાર સુધરશે ત્યારે આ શેરો પહેલાં વધશે.

ઈજીપ્તના બનાવો પણ ધ્યાનમાં રાખવા પડશે. રાજકીયક્ષેત્રે ભૂકંપ ના થાય તે પણ જોવું પડશે.

**(૧) પૌષક લિમિટેડ એલેમ્બિક બીએસઈ કોડ ૫૩૨૭૪૨** કેમિકલ ગ્રુપની આઈપીએલના વહીવટી વડા શ્રી અમીને ગ્રુપની પેસ્ટીસાઈડ બનાવતી આ કંપની ૬૮ના ભાવે લેવા જેવી છે. ૩૦-૧૨-૧૦ના કવાર્ટર માટે કંપનીએ સુંદર પરિણામો બતાવ્યા છે. લાંબાગાળાના એંગલથી અચુક લેવાય.

**(૨) શ્રી રાજસ્થાન સિન્ટેક્ષ** : રાજસ્થાન સ્થિત આ કંપનીનો શેર અચુક લેવા જેવો છે. રાજસ્થાનમાં આવેલી બીજી આજ પ્રોડક્ટ લાઈનમાં કામ કરતી આરએસડબલ્યુએમ નામની કંપનીએ ૧૦ રૂા. ઈન્ટરિમ ડીવીડન્ડ જાહેર કર્યું છે. જે ટેક્ષટાઈલ ક્ષેત્ર માટે

**અનુસંધાન પા.નં. ૭ ઉપર**

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387